


પ્રેમ કરો બાર પર્વ આરાધના

# મૌન અગિયારસ પર્વ

પ્રેરક :

શ્રી પ્રેમ ગુરૂ કૃપાપાત્ર શિષ્યરત્ન


પ.પૂ.આ.ભ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.

પ્રકાશક

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ - શંખેશ્વર



શ્રી જીરાવલાપાર્શ્વનાથ ભગવાન



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ ભગવાન



શ્રી ભક્તિપાર્શ્વનાથ ભગવાન



॥ શ્રી જીરાવલા-શંખેશ્વર-ભક્તિ પાર્શ્વનાથાય નમઃ ॥

॥ અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ ગણધરાય નમઃ ॥

॥ શ્રી ધર્મ-ભક્તિ-પ્રેમ-સુબોધ ગુરુભ્યો નમઃ ॥

# પ્રેમે કરો

# બાર પર્વ આરાધના

## શ્રી મૌન એકાદશી આરાધના સંગ્રહ

પ્રેરક : તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ મહાપ્રાસાદના પ્રેરક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્ય રત્ન પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી રત્નશેખર વિજયજી ગણિવર (પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

સંપાદક : પ.પૂ. મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા.

ઉપયોગ :- પ્રભુભક્તિ અને સ્વાધ્યાય

• પ્રકાશક •

**શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ**

**(શંખેશ્વર)**

ફોન : ૦૨૭૩૩-૨૭૩૩૨૫, ૨૭૩૪૪૪.

## • નિમિત્ત •

તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર ટ્રસ્ટના પ્રણેતા **પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સા.** ના તપાગચ્છાધિપતિ પદ પાટોત્સવે તથા **૭૫ વર્ષના સંયમ જીવનના હીરક મહોત્સવે અને આચાર્યપદ પ્રદાન મહોત્સવે...**

વૈશાખ સુદ-૧૦ (પ્રથમ)

તા. ૭-૫-૨૦૦૬, રવિવાર

**આવૃત્તિ** : **પ્રથમ**

**નકલ** : **૧૦૦૦**

**ટાઈપસેટીંગ** : **જૈનમ્ ગ્રાફીક્સ,**
સી-૧૪૧, પહેલા માળે, બી.જી. ટાવર્સ,
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ.
ફોન : ૨૫૬૨૭૪૬૯.

**પ્રાપ્તિસ્થાન** : **શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ - શંખેશ્વર**

# પ્રસ્તાવના

શ્રી વીતરાગ પરમાત્મા પ્રરૂપિત, સર્વજ્ઞકથિત, તીર્થંકર પ્રભુએ સ્થાપિત આ જૈન શાસનમાં આત્માની ઉન્નતિ, પ્રગતિ, શુદ્ધિ અને સિદ્ધિ માટે બાર પર્વોની સ્થાપના કરવામાં આવેલ છે, પર્વનો અર્થ જ એ થાય છે કે જે પર્વની આરાધના કરવાથી જીવનમાં રાગ-દ્વેષ-કષાયભાવ પાપ, દોષ આદિનું શમન (ક્ષય) થાય અને આત્માને ક્યારેય કોઈપણ ભવમાં આનંદની અનુભૂતિ ન થઈ હોય એવા પ્રકારના આનંદની અનુભૂતિ પર્વ આરાધના દ્વારા શક્ય બને તેનું નામ પર્વ.

જે આરાધે પર્વ તે જીવ કદી ન કરે ગર્વ, જે ન કરે ગર્વ તે જ આરાધી શકે આ બાર પર્વ

જીવનના ક્ષેત્રમાં દોષોનું દહન, કર્મોનું શમન, પાપોનું પક્ષાલન ન થાય ત્યાં સુધી આત્માને શુદ્ધિ-સિદ્ધિ ક્યારેય પ્રાપ્ત થતી નથી, માટે જ પ્રભુએ જુદા-જુદા પર્વોની આરાધના દ્વારા તપ-ત્યાગના ભાવો ખુબ વધે તે જ માટે આ પર્વોના આયોજન કરેલ છે.

### બીજ પર્વ :

બીજના ચંદ્રમાની પેઠે ખીલતું આત્માનું પુષ્પ સર્વવિરતિ અથવા દેશવિરતિ ધર્મની આરાધના દ્વારા ખીલતો ખીલતો આત્મા પૂર્ણિમાના ચંદ્રની જેમ અખંડ ચંદ્ર બની આત્મા અખંડ આનંદની અનુભૂતિ કરી શકે માટે આ બીજ પર્વની આરાધના કરવાની છે.

### જ્ઞાન પંચમી અને નેમનાથ જન્મકલ્યાણક પર્વ :

તીર્થંકર પરમાત્માની ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ, નિર્વાણ આ પાંચ કલ્યાણકોની આરાધના દ્વારા આત્માને જ્ઞાનના પાંચ ગુણો જે બતાવવામાં આવ્યા છે તે પ્રાપ્ત થાય છે. મતિ-શ્રુત અવધિ-મન પર્યવ અને કેવલ આ પાંચ જ્ઞાન તીર્થંકરોની ભક્તિની શક્તિ દ્વારા પ્રાપ્ત થતાં હોય છે. અને મંદ બુદ્ધિ વાળા જીવો જો આ જ્ઞાનપંચમીની આરાધના કરે તો જ્ઞાનનો ક્ષયોપશમ તીવ્ર બને છે. અલ્પ બુદ્ધિ વાળા જીવો પણ જ્ઞાનની પ્રાપ્તિ વાળા થાય છે માટે જ પંચમી પર્વ બતાવવામાં આવેલ છે.

**અષ્ટમીપર્વ :**

મુખ્યત્વે આત્મા સમયે સમયે એક આયુષ્ય કર્મ સિવાય બાકીના સાત કર્મો સતત બાંધે છે, એ આઠે આઠ કર્મોને નષ્ટ કરવા માટે તથા અષ્ટ મહાસિદ્ધિઓના ધારક બનીને આત્મા પરંપરાએ સિદ્ધિદશાને પામી શકે માટે અષ્ટમી પર્વનું વિધાન છે.

**પોષદશમી પર્વ :**

આત્માને તીર્થંકર પરમાત્માની ભક્તિ કરવાનો સુઅવસર પ્રાપ્ત થાય અને આ ભવમાં તો અવશ્ય સમાધિમરણની પ્રાપ્તિ કરાવી આપે અને પરંપરાએ સદ્‌ગતિનો ભોક્તા બનાવે અને ઉત્તરો ઉત્તર મોક્ષસુખના ફળો પ્રાપ્ત કરાવી આપે એવો જો કોઈપણ પર્વ હોય તો એક માત્ર પાર્શ્વ પ્રભુનો જન્મ કલ્યાણક પર્વ કે જે આ અવસર્પિણીકાલમાં પુરૂષાદાનીય તથા પ્રકટ પુણ્યશાળી તથા પ્રબલ આદેય નામ કર્મી તીર્થંકર પરમાત્માનો જન્મ કલ્યાણક સંબંધિ પર્વ એટલે આ પર્વ...

**મૌન એકાદશી પર્વ :**

મૌન રહેવાથી આત્મામાં શક્તિનું એક જબરદસ્ત સંયમ (સંગ્રહ) થાય છે. વર્ષમાં એક દિવસ ઉપવાસ કરીને તથા મૌન રહીને દરેક દરેક ક્રિયાથી અવશ્ય દોઢસો ગણું લાભ આત્માને પ્રાપ્ત થાય અને સાથે સાથે દોઢસો કલ્યાણકોની ઉજવણી સ્વરૂપે દોઢસો ગણી, ભક્તિનો લાભ પણ પ્રાપ્ત થાય એવો જો કોઈપણ પર્વ હોય તે માત્ર આ મૌન એકાદશી પર્વ. (ઉપવાસ એક અને લાભ અનેક)

**ચૈત્રી પૂનમની આરાધના :**

શત્રુંજય પર્વતપર પાંચ ક્રોડ મુનીઓની સાથે મોક્ષ સુખ મેળવનાર એવો કોઈપણ આત્મા હોય તે પુંડરિક સ્વામી ગણધર ભગવંત આ આત્માએ આજના દિને મોક્ષ સુખ પ્રાપ્ત કરેલ એવા આત્માની આરાધના દ્વારા જેમ પૂર્ણિમાનો ચાંદ સોળે કળાએ ખીલે છે ને અખંડ સ્વરૂપને ધારણ કરે છે તેજ રીતે આત્મા આ દિવસે આ પર્વની આરાધના કરે તો અવશ્ય અખંડ આનંદનો રસાસ્વાદને અવશ્ય પામે માટે ચૈત્રી પૂનમ પર્વ બતાવેલ છે.

## ચૌમાસી પર્વ :

ચાર-ચાર માસના ત્રણ વિભાગો અને એમાં પણ ત્રણ અઠ્ઠાઈઓનું વિધાન.

અષાઢી ચૌમાસ થી કારતક ચોમાસી પર્યંત...૧

કારતક ચૌમાસી થી ફાગણ ચોમાસી પર્યંત... ૨

ફાગણ ચૌમાસી થી અષાઢ ચોમાસી પર્યંત... ૩

આ રીતે ત્રણ ચોમાસી પર્વ બતાવવામાં આવેલ છે. ત્રણેય ચોમાસીમાં ફરજિયાત અઠ્ઠાનો વિધાન છે. આ ત્રણેય ચોમાસીમાં જ બાર પર્વોનો પણ સમાવેશ થાય છે, માટે જ આ ચોમાસી પર્વ મુખ્યત્વે ચારે ચાર ગતિના દુઃખોના નિવારણ માટે તથા ચારેય કષાયો પર વિજયતા મેળવવા માટે આ પર્વની આરાધના કરવામાં આવેલ છે.

## પર્વ પર્યુષણ આરાધના પર્વ :

આ પર્વ બારેય બાર પ્રકારના પર્વોમાં જો કોઈપણ પર્વ પર્વાધિરાજ અથવા પર્વોના સમ્રાટ તરીકેનું કોઈ બિરુદ ધરાવતું હોય તો તે એકમાત્ર આ પર્વ છે. આ પર્વ એટલે ક્ષમાપના મહાપર્વ છે. જીવનમાં જો ક્ષમા ભાવ નથી આવતો તો હજુ પર્વ આરાધના તમારાથી દૂર છે, એ સિદ્ધ થાય છે. દરેકે-દરેકે પર્વ રાગ દ્વેષની ગ્રંથિઓને નિર્મૂલ કરવા તથા જીવનમાં ક્ષમાના પુષ્પો ખીલવવા માટેના છે. માટે જ આ પર્વ મુખ્યત્વે સાંવત્સરિક ક્ષમાપના મહાપર્વ તરીકે પણ પ્રખ્યાત છે.

## નવપદ આરાધના સિદ્ધચક્ર મહાપર્વ :

અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ આ રીતે નવપદજીનું સંકલન છે. આમાં દેવ-ગુરૂ અને ધર્મ આ ત્રણ તત્વો એટલે તત્ત્વત્રયીનો વિનિયોગ પણ છે. આના મુખ્ય આસો તથા ચૈત્ર માસના દિવસોમાં વિશિષ્ઠ રીતે આરાધના થતી હોય છે, આ દિવસો શાશ્વત દિવસો છે. કારણ આ પર્વની આરાધના દરેકે-દરેક તીર્થંકરોના શાસનમાં ફરજિયાત થતી હોય છે. માટે જ નવપદના દિવસે અખંડ આંકજ તરીકે પણ સિદ્ધ થાય છે અને અખંડ આનંદ આપનારા છે.

## દિવાળી પર્વની આરાધના :

આ અવસર્પિણી કાલના છેલ્લા ૨૪ માં તીર્થંકર પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણક સંબંધિ દિન એટલે દિવાળી પર્વ. પ્રભુ પોતે ભાવ દીવા સમા હતા, પણ નિર્વાણ પામવાથી લોકોએ દ્રવ્ય દિવા પ્રગટ કર્યા, ત્યારથી આ પર્વની શરૂઆત થઈ છે.

આ બારેય બાર પર્વો મુખ્યત્વે તીર્થંકર ભગવંતોએ સ્થાપ્યા છે. આપણાં દરેકે દરેક પર્વોમાં પ્રભુએ તપ-ત્યાગ-સાધના-આરાધના-ઉપાસના ને જ મહત્વ આપ્યું છે. ક્યાંય કોઈપણ પર્વમાં મોજ-શોખ કે એશ આરામની વાત જોવા નથી મળતી. જેમાં તપ-ત્યાગ આરાધના વિ. ના હોય તેને પર્વ પણ ન કહેવાય, માટે આ બારેય પર્વોની આરાધના સારી રીતે કરી શકે તે વસ્તુને ધ્યાનમાં લઈને દરેક જીવો કંઈક કંઈક ધર્મ કરી શકે એજ ધ્યેય થી મારા શિષ્ય મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા. સંપૂર્ણ બારેય પર્વોનો સંપૂર્ણ સાહિત્યનો સંકલન કરી છપાવવા માટે આ પ્રયાસ આદર્યો છે, તે ખરેખર અનુમોદનીય છે. તથા પ્રુફ સંશોધન કરી આપવામાં પ્ર.પૂ.સા.શ્રી વિધુત્પ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી રત્નપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ. સાહેબે પણ સુંદર સહકાર આપેલ છે.

આ પુસ્તકનો સુંદર સદ્‌ઉપયોગ કરી અને બારે બાર પર્વોની આરાધના કરી-કરાવી તમારા આત્માને વધુને વધુ નિર્મલ બનાવી ઉત્તરોત્તર ઉન્નતિના શિખરો સર કરે અને પરંપરાએ શિવસુખનો ભોક્તાબને.

એજ મનોકામના સાથે.....

**શ્રી ૧૦૮ તીર્થ પ્રેરક તપાગચ્છસૂર્ય, ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ આચાર્યભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય રત્ન પંન્યાસપ્રવરશ્રી રત્નશેખર વિજયજી મ.સા.**
**(પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)**

# અનુક્રમણિકા



| નામ | પેજનંબર |
|---|---|
| ❑ શ્રી મૌન એકાદશીનું દોઢસો | ૧ થી ૯ |
| કલ્યાણકનું ગણણું | |
| ❑ પંડિતશ્રી રૂપવિજયજી વિરચિત | ૧૦ થી ૩૩ |
| મૌન એકાદશીના દેવ વંદન | |
| ❑ શ્રી મૌન એકાદશી ચૈત્યવંદન સંગ્રહ | ૩૪ થી ૩૫ |
| ❑ શ્રી મૌન એકાદશીની થોય | ૩૬ |
| ❑ શ્રી મૌન એકાદશીનું ત્રણ ઢાળનું સ્તવન | ૩૭ થી ૩૯ |
| ❑ શ્રી મૌન એકાદશીનું | ૪૦ થી ૪૭ |
| દોઢસો કલ્યાણકનું સ્તવન | |
| ❑ શ્રી મૌન એકાદશીનું ૫ ઢાળનું સ્તવન | ૪૮ થી ૫૨ |
| ❑ શ્રી મૌન એકાદશીની સજ્ઝાય | ૫૨ થી ૫૬ |
| | |
| | |
| | |
| | |

# શ્રી મૌન એકાદશી પર્વ આરાધના

## તપની આરાધના કેવી રીતે કરશો ?

મૌન એકાદશી તપની આરાધનાના ચાર પ્રકાર છે.
(૧) અગિયાર વર્ષ સુધી દરેક માસની સુદ અગિયારસે ઉપવાસ કરવો.
(૨) યાવજ્જીવ લગી મૌન એકાદશીએ ઉપવાસ કરવો.
(૩) અગિયાર વર્ષ સુધી મૌન એકાદશીએ ઉપવાસ કરવો.
(૪) અગિયાર મહિના સુધી સુદ અગિયારસે ઉપવાસ કરવો.

ઉપરની દરેક પ્રકારની તપની આરાધનામાંનીચે પ્રમાણે જાપ વગેરે કરવું જોઈએ :

અ. **"શ્રી મલ્લિનાથ સર્વજ્ઞાય નમઃ"** એ પદની ૨૦ નવકારવાળી ગણવી.

બ. અગિયાર સાથિયા કરવા. તે ઉપર નૈવેદ્ય તથા અગિયાર ફળ મુકવા.

ક. અગિયાર લોગસ્સનો-કાઉસ્સગ્ગ કરવો. પ્રથમ ઈરિ કરી એકાદશી તપ આરાધનાર્થ કાઉસ્સગ્ગ કરું ?ઈચ્છં ! એકાદશી તપ આરાધનાર્થ કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઓએ

**卐 અન્નત્થ.**

દર મૌન એકાદશીએ ૧૫૦ કલ્યાણકની એક એક એમ ૧૫૦ નવકારવાળી ગણવી.

## ॥ શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું ગણણું ॥

૧- જંબૂદ્વીપે ભરતે અતીત ચોવીશી.

**૪ શ્રી મહાયશઃસર્વજ્ઞાય નમઃ ॥**
**૬ શ્રી સર્વાનુભૂતિઅર્હતે નમઃ ॥**
**૬ શ્રી સર્નુભૂતિનાથાય નમઃ ॥**
**૬ શ્રી સર્વાનુભૂતિસર્વજ્ઞાય નમઃ ॥**
**૭ શ્રી શ્રીધરનાથાય નમઃ ॥**

૨- જંબૂદ્વીપે ભરતે વર્તમાન ચોવીશી.

**૨૧ શ્રી નમિનાથસર્વજ્ઞાય નમઃ ॥**
**૧૯ શ્રી મલ્લિનાથઅર્હતે નમઃ ॥**
**૧૯ શ્રી મલ્લિનાથનાથાય નમઃ ॥**
**૧૯ શ્રી મલ્લિનાથસર્વજ્ઞાય નમઃ ॥**
**૧૮ શ્રી અરનાથ નાથાય નમઃ ॥**

૩- જંબૂદ્વીપે ભરતે અનાગત ચોવીશી.

**૪ શ્રી સ્વયંપ્રભસર્વજ્ઞાય નમઃ ॥**
**૬ શ્રી દેવશ્રુતઅર્હતે નમઃ ॥**
**૬ શ્રી દેવશ્રુતનાથાય નમઃ ॥**
**૬ શ્રી દેવશ્રુતસર્વજ્ઞાય નમઃ ॥**
**૭ શ્રી ઉદયનાથનાથાય નમઃ ॥**

૪-ધાતકીખંડે પૂર્વ ભરતે અતીત ચોવીશી.

**૪ શ્રી અકલંકસર્વજ્ઞાય નમઃ ॥**
**૬ શ્રી શુભંકરનાથનાથાય નમઃ ॥**
**૬ શ્રી શુભંકરનાથઅર્હતે નમઃ ॥**

૬ શ્રી શુભંકરનાથસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી સપ્તનાથનાથાય નમઃ ॥

૫-ધાતકી ખંડે પૂર્વ ભરતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી બ્રહ્મેંદ્રનાથસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી ગુણનાથ અર્હતે નમઃ ॥
૧૯ શ્રી ગુણનાથનાથાય નમઃ ॥
૧૯ શ્રી ગુણનાથસર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી ગાંગિકનાથનાથાય નમઃ ॥

૬-ધાતકીખંડે પૂર્વ ભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી સાંપ્રતસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી મુનિનાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી મુનિનાથનાથાય નમઃ ॥
૬ શ્રી મુનિનાથસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી વિશિષ્ટનાથનાથાય નમઃ ॥

૭-પુષ્કરવરદ્વીપે પૂર્વ ભરતે અતીત ચોવીશી.

૪ શ્રી સુમૃદુનાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી વ્યક્તનાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી વ્યક્તનાથનાથાય નમઃ ॥
૬ શ્રી વ્યક્તનાથસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી કલાશનાથાય નમઃ ॥

૮-પુષ્કરવરદ્વીપે પૂર્વ ભરતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી અરણ્યવાસસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી યોગનાથઅર્હતે નમઃ ॥
૧૯ શ્રી યોગનાથનાથાય નમઃ ॥

**૧૯ શ્રી યોગનાથસર્વજ્ઞાય નમઃ ॥**
**૧૮ શ્રી અયોગનાથનાથાય નમઃ ॥**
૯-પુષ્કરવરદ્વીપે પૂર્વ ભરતે અનાગત ચોવીશી.
**૪ શ્રી પરમસર્વજ્ઞાય નમઃ ॥**
**૬ શ્રી શુદ્ધાર્તિનાથઅર્હતે નમઃ ॥**
**૬ શ્રી શુદ્ધાર્તિનાથનાથાય નમઃ ॥**
**૬ શ્રી શુદ્ધાર્તિનાથસર્વજ્ઞાય નમઃ ॥**
**૭ શ્રી નિઃકેશનાથાય નમઃ ॥**
૧૦-ધાતકીખંડે પશ્ચિમ ભરતે અતીત ચોવીશી.
**૪ શ્રી સર્વાર્થસર્વજ્ઞાય નમઃ ॥**
**૬ શ્રી હરિભદ્રઅર્હતે નમઃ ॥**
**૬ શ્રી હરિભદ્રનાથાય નમઃ ॥**
**૬ શ્રી હરિભદ્રસર્વજ્ઞાય નમઃ ॥**
**૭ શ્રી મગધાધિપનાથાય નમઃ ॥**
૧૧-ધાતકીખંડે પશ્ચિમ ભરતે વર્તમાન ચોવીશી.
**૨૧ શ્રી પ્રયચ્છસર્વજ્ઞાય નમઃ ॥**
**૧૯ શ્રી અક્ષોભનાથઅર્હતે નમઃ ॥**
**૧૯ શ્રી અક્ષોભનાથનાથાય નમઃ ॥**
**૧૯ શ્રી અક્ષોભનાથસર્વજ્ઞાય નમઃ ॥**
**૧૮ શ્રી મલયસિંહનાથાય નમઃ ॥**
૧૨-ધાતકીખંડે પશ્ચિમ ભરતે અનાગત ચોવીશી.
**૪ શ્રી દિનરૂક્સર્વજ્ઞાય નમઃ ॥**
**૬ શ્રી ધનદનાથઅર્હતે નમઃ ॥**

**૬ શ્રી ધનદનાથનાથાય નમઃ ॥**
**૬ શ્રી ધનદનાથસર્વજ્ઞાય નમઃ ॥**
**૭ શ્રી પૌષધનાથનાથાય નમઃ ॥**

૧૩-પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ભરતે અતીત ચોવીશી.

**૪ શ્રી પ્રલંબસર્વજ્ઞાય નમઃ ॥**
**૬ શ્રી ચારિત્રનિધિઅર્હતે નમઃ ॥**
**૬ શ્રી ચારિત્રનિધિનાથાય નમઃ ॥**
**૬ શ્રી ચારિત્રનિધિસર્વજ્ઞાય નમઃ ॥**
**૭ શ્રી પ્રશમરાજિતનાથાય નમઃ ॥**

૧૪-પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ભરતે વર્તમાન ચોવીશી.

**૨૧ શ્રી સ્વામિસર્વજ્ઞાય નમઃ ॥**
**૧૯ શ્રી વિપરિતનાથઅર્હતે નમઃ ॥**
**૧૯ શ્રી વિપરિતનાથનાથાય નમઃ ॥**
**૧૯ શ્રી વિપરિતનાથસર્વજ્ઞાય નમઃ ॥**
**૧૮ શ્રી પ્રસાદનાથનાથાય નમઃ ॥**

૧૫-પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ભરતે અનાગત ચોવીશી.

**૪ શ્રી અઘટિતનાથસર્વજ્ઞાય નમઃ ॥**
**૬ શ્રી ભ્રમણેન્દ્રનાથઅર્હતે નમઃ ॥**
**૬ શ્રી ભ્રમણેન્દ્રનાથનાથાય નમઃ ॥**
**૬ શ્રી ભ્રમણેન્દ્રનાથસર્વજ્ઞાય નમઃ ॥**
**૭ શ્રી ઋષભચંદ્રનાથાય નમઃ ॥**

૧૬-જંબૂદ્વીપે ઐરવતે અતીત ચોવીશી.

**૪ શ્રી દયાંતસર્વજ્ઞાય નમઃ ॥**
**૬ શ્રી અભિનંદનનાથઅર્હતે નમઃ ॥**

૬ શ્રી અભિનંદનનાથનાથાય નમઃ ॥
૬ શ્રી અભિનંદનનાથસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી રત્નેશનાથનાથાય નમઃ ॥

૧૭-જંબૂદ્વીપે ઐરવતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી શ્યામકોષ્ટસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી મરૂદેવનાથઅર્હતે નમઃ ॥
૧૯ શ્રી મરૂદેવનાથનાથાય નમઃ ॥
૧૯ શ્રી મરૂદેવનાથસર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી અતિપાર્શ્વનાથનાથાય નમઃ ॥

૧૮-જંબૂદ્વીપે ઐરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી નંદિષેણસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી વ્રતધરનાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી વ્રતધરનાથનાથાય નમઃ ॥
૬ શ્રી વ્રતધરનાથસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી નિર્વાણનાથનાથાય નમઃ ॥

૧૯-ધાતકીખંડે ઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી સૌંદર્યનાથસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી ત્રિવિક્રમનાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી ત્રિવિક્રમનાથનાથાય નમઃ ॥
૬ શ્રી ત્રિવિક્રમનાથસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી નરસિંહનાથનાથાય નમઃ ॥

૨૦-ધાતકીખંડે પૂર્વ ઐરવતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી ક્ષેમંતસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી સંતોષિતનાથઅર્હતે નમઃ ॥
૧૯ શ્રી સંતોષિતનાથનાથાય નમઃ ॥
૧૯ શ્રી સંતોષિતનાથસર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી કામનાથનાથાય નમઃ ॥

૨૧-ધાતકીખંડે પૂર્વ ઐરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી મુનિનાથ સર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી ચંદ્રદાહઅર્હતે નમઃ ॥
૬ શ્રી ચંદ્રદાહનાથાય નમઃ ॥
૬ શ્રી ચંદ્રદાહસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી દિલાદિત્યનાથાય નમઃ ॥

૨૨-પુષ્કરાર્દ્ધે પૂર્વ ઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી અષ્ટાહિકસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી વણિક્નાથઅર્હતે નમઃ ॥
૬ શ્રી વણિક્નાથનાથાય નમઃ ॥
૬ શ્રી વણિક્નાથસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી ઉદયનાથનાથાય નમઃ ॥

૨૩-પુષ્કરાર્દ્ધે પૂર્વ ઐરવતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી તમોકંદસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી સાયકાક્ષઅર્હતે નમઃ ॥
૧૯ શ્રી સાયકાક્ષનાથાય નમઃ ॥
૧૯ શ્રી સાયકાક્ષસર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી ક્ષેમંતનાથનાથાય નમઃ ॥

૨૪-પુષ્કરાર્દ્ધે પૂર્વ ઐરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી નિર્વાણિકસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી રવિરાજઅર્હતે નમઃ ॥
૬ શ્રી રવિરાજનાથાય નમઃ ॥
૬ શ્રી રવિરાજસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી પ્રથમનાથનાથાય નમઃ ॥

૨૫-ધાતકીખંડે પશ્ચિમ ઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી પુરૂરવાસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી અવબોધઅર્હતે નમઃ ॥
૬ શ્રી અવબોધનાથાય નમઃ ॥
૬ શ્રી અવબોધસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી વિક્રમેંદ્રનાથાય નમઃ ॥

૨૬-ધાતકીખંડે પશ્ચિમ ઐરવતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી સુશાંતિસર્વજ્ઞાય નમઃ ॥
૧૯ શ્રી હરદેવઅર્હતે નમઃ ॥
૧૯ શ્રી હરદેવનાથાય નમઃ ॥
૧૯ શ્રી હરદેવસર્વજ્ઞાય નમઃ ॥
૧૮ શ્રી નંદિકેશનાથાય નમઃ ॥

૨૭-ધાતકીખંડે પશ્ચિમ ઐરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી મહામૃગેંદ્રસર્વજ્ઞાય નમઃ ॥
૬ શ્રી અશોચિતઅર્હતે નમઃ ॥
૬ શ્રી અશોચિતનાથાય નમઃ ॥
૬ શ્રી અશોચિતસર્વજ્ઞાય નમઃ ॥
૭ શ્રી ધર્મેન્દ્રનાથનાથાય નમઃ ॥

૨૮-પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ઐરવતે અતીત ચોવીશી.

**૪ શ્રી અશ્વવૃંદસર્વજ્ઞાય નમઃ ॥**

**૬ શ્રી કુટિલકઅર્હતે નમઃ ॥**

**૬ શ્રી કુટિલકનાથાય નમઃ ॥**

**૬ શ્રી કુટિલકસર્વજ્ઞાય નમઃ ॥**

**૭ શ્રી વર્દ્ધમાનનાથાય નમઃ ॥**

૨૯-પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ઐરવતે વર્તમાન ચોવીશી.

**૨૧ શ્રી નંદિકેશસર્વજ્ઞાય નમઃ ॥**

**૧૯ શ્રી ધર્મચંદ્રઅર્હતે નમઃ ॥**

**૧૯ શ્રી ધર્મચંદ્રનાથાય નમઃ ॥**

**૧૯ શ્રી ધર્મચંદ્રસર્વજ્ઞાય નમઃ ॥**

**૧૮ શ્રી વિવેકનાથનાથાય નમઃ ॥**

૩૦-પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ઐરવતે અનાગત ચોવીશી.

**૪ શ્રી કલાપકસર્વજ્ઞાય નમઃ ॥**

**૬ શ્રી વિશોમનાથઅર્હતે નમઃ ॥**

**૬ શ્રી વિશોમનાથનાથાય નમઃ ॥**

**૬ શ્રી વિશોમનાથસર્વજ્ઞાય નમઃ ॥**

**૭ શ્રી અરણ્યનાથનાથાય નમઃ ॥**

## ॥ પંડિત શ્રી રૂપવિજયજી વિરચિત ॥
## ॥ મૌન એકાદશીનાં દેવવંદન ॥

### ॥ પ્રથમ દેવવંદન જોડો ॥

સ્થાપનાચાર્ય આગળ નવકાર૦ પંચિંદિય૦ વડે પુસ્તકની સ્થાપના સ્થાપીને પ્રથમ ઈ રિયાવહી૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી ખમા-સમણ દેઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં, કહી યોગમુદ્રાએ બેસી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

### ॥ પ્રથમ ચૈત્યવંદન ॥

નગરગજપુર પુર પુરંદરપુર-શોભયા અતિજિત્વરં ॥
ગજવાજિરથવરકોટિકલિતં, ઈંદિરાભૃતમંદિરં ॥
નરનાથબત્રીસસહસસેવિત-ચરણપંકજસુખકરં ॥
સુરઅસુરવ્યંતરનાથપૂજિત, નમો શ્રી અરજિનવરં ॥ ૧ ॥
અપ્સરાસમરૂપઅદ્ભુત-કલાયૌવનગુણભરી ॥
એક લાખ બાણુ સહસ ઉપર, સોહિયે અંતેઉરી ॥
ચોરાશી લાખ ગજ વાજી સ્યંદન, કોટિ છન્નૂ ભટવરં ॥ સુર અ૦ ॥ ૨ ॥
સગ પણિંદી સગ એગિંદી, ચઉદ રત્નસુશોભિતં ॥
નવ નિધાનિધિપતિ નાકી, ભક્તિ-ભાવભૃતૈર્નતં ॥
કોટિ છન્નૂ ગ્રામનાયક, સકલશત્રુ-વિજિત્વરં ॥ સુર અ૦ ॥૩॥
સહસ અષ્ટોત્તર સુલંછન -લક્ષિતં કનકચ્છવિં ॥

ચિન્હનંદાવર્તશોભિત, સ્વપ્રભાનિર્જિતરવિં ॥
ચક્રિ સપ્તમ ભુક્તભોગી, અષ્ટાદશમો જિનવરં ॥ સુર અ૦
॥૪॥ લોકાંતિકામર-બોધિતો જિન, ત્યક્તરાજ્યરમાભરં ॥
મૃગશિર એકાદશ શુક્લપક્ષે; ગ્રહિતસંયમ સુખકરં ॥
અરનાથ-પ્રભુપદ પદ્મસેવન, શુદ્ધરૂપ સુખાકરં ॥ સુર અ૦ ॥૫॥

પછી જંકિંચિ૦ નમુત્થુણં ૦ અને જયવીયરાય અર્દ્ધા કહી પછી ખમાસમણ દઈને બીજું ચૈત્યવંદન કરવું; તે આ પ્રમાણે -

## ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

રાય સુદર્શન કુલ નભે, નૂતન દિનમણિ રૂપ ॥
દેવી માતા જનમિયો, નમે સુરાસુર ભૂપ ॥૧॥
કુમર રાજ્ય ચક્રી પણે, ભોગવી ભોગ ઉદાર ॥
ત્રેસઠ સહસ વરષાં પછી, લીયે પ્રભુ સંયમભાર ॥૨॥
સહસ પુરુષ સાથે લીયે, સંયમ શ્રી જિનરાય ॥
તસપદ પદ્મ નમ્યા થકી, શુદ્ધ રૂપ નિજ થાય ॥૩॥

પછી જંકિંચિ૦ નમુત્થુણં ૦ અરિહંત ચેઈયાણં ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી એક થોય કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ અરિહંત૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો પછી પારી બીજી થોય કહેવી. પછી પુક્ખરવર૦ સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં વંદણ વત્તિઆએ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી ચોથી થોય કહેવી. તે થોયો આ પ્રમાણે-

## ॥ શ્રી અરજિનની થોયો ॥

શ્રી અરનાથ જિનેશ્વરૂ, ચક્રી સપ્તમ સોહે ॥
કનક વરણ છબી જેહની, ત્રિભુવન મન મોહે ॥
ભોગ કરમનો ક્ષય કરી, જિન દીક્ષા લીધી ॥
મન પર્યવનાણી થયા, કરી યોગની સિદ્ધિ ॥૧॥
માગશિર શુદિ એકાદશી, અર દીક્ષા લીધી ॥
મલ્લિજનમ વ્રત કેવલી, નમી કેવલ ઋદ્ધિ ॥
દશ ક્ષેત્રે ત્રણ કાલનાં, પંચ પંચકલ્યાણક તિણે
એ તિથિ આરાધતાં, લહી એ શિવપુર ઠાણ ॥૨॥
અંગ ઈગ્યાર આરાધવાં, વલિ બાર ઉપાંગ ॥
મૂલસૂત્ર ચારે ભલાં, ષટ્ છેદ સુચંગ ॥
દશ પયન્ના દીપતા, નંદી અનુયોગદ્વાર ॥
આગમ એહ આરાધતાં, લહો ભવ જલ પાર ॥૩॥
જિનપદ સેવા નિત્ય કરે સમકિત શુચિકારી ॥
જક્ષેશ જક્ષ સોહામણો, દેવી ધારણી સારી ॥
પ્રભુપદ પદ્મની સેવના, કરે જે નર-નારી ॥
ચિદાનંદનિજ રૂપને, લહે તે નિરધારી ॥૪॥

પછી બેસી નમુત્થુણં૦ કહી અરિહંત ચેઈઆણં૦ અન્નત્થ૦
કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી નમોઽર્હત્૦ કહી બીજા જોડાની પ્રથમ થોય કહેવી. ત્યારપછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી બીજા જોડાની બીજી થોય કહેવી. પછી પુખ્કારવરદી૦ સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦

કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં વૈયાવચ્ચ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી નમોડર્હત્ કહી ચોથી થોય કહેવી. એ રીતે ચારે થોય કહેવી. તે થોયો નીચે પ્રમાણે-

## ॥ શ્રી અરજિનની થોયો ॥

॥ શ્રી અરજિન ધ્યાવો, પુણ્યના થોક પાવો ॥
સવિ દુરિત ગમાવો, ચિત્ત પ્રભુ ધ્યાન લાવો ॥
મદ મદન વિરાવો, ભાવના શુદ્ધ ભાવો ॥
જિનવર ગુણ ગાવો, જિમ લહો મોક્ષ ઠાવો ॥૧॥
સવિ જિન સુખકારી, ક્ષય કરી મોહ ભારી ॥
કેવલ શુચિ ધારી, માન માયા નિવારી ॥
થયા જગ ઉપગારી, ક્રોધ યોદ્ધાપહારી ॥
શુચિગુણગણધારી, જે વર્યા સિદ્ધિ નારી ॥૨॥
નવ-તત્ત્વ વખાણી, સપ્તભંગી પ્રમાણી ॥
સગ નયથી મિલાણી, ચાર અનુયોગ ખાણી ॥
જિનવરની વાણી જે સુણે ભવ્ય પ્રાણી ॥
તિણે કરી અઘહાણી, જઈ વરે સિદ્ધિ રાણી ॥૩॥
સમકિતિ નરનારી, તેહની ભક્તિ-કારી ॥
ધારણી સુરી સારી, વિઘ્નના થોક હારી ॥
પ્રભુ આણા કરી, લચ્છિ લીલા વિહારી ॥
સંઘ દુરિત નિવારી, હોજ્યો આણંદ કારી ॥૪॥

પછી નમુત્થુણં૦ જાવંતિ ચેઈઆઈ૦ કહી ખમાસમણ

દઈ, જાવત કેવિસાહૂ૦ કહી પછી નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું. તે આ પ્રમાણે-

## ॥ શ્રી અરજિન દીક્ષા કલ્યાણક સ્તવન ॥

### ॥ ફતેમલના ગીતની દેશી ॥

જગપતિ શ્રી અરજિન જગદીશ, હસ્તિનાગપુર રાજીયો, જગપતિ રાય સુદર્શનનંદ, મહિમા મહિ માંહે ગાજીયો ॥ ૧ ॥ જગપતિ કંચન વરણ શરીર, કામિત પુરણ સુરતરુ ॥ જગપતિ લંછન નંદાવર્ત, ત્રણ ભુવન મંગલકરૂ ॥૨॥ જગપતિષટ્ ખંડ ભરત અખંડ ચક્રવર્તિની સંપદા ॥ જગપતિ સહસ્ત્ર બત્રીસ ભૂપાલ, સેવિત ચરણકમલ સદા ॥૩॥ જગપતિ સોહે સુંદર વાન, ચઉસઠ સહસ અંતેઉરી ॥ જગપતિ સહસ પુરુષ સંઘાત, મગશિર શુદિ એકાદશી ॥ જગપતિ સંયમ લીયે પ્રભુ ધીર, ત્રિકરણ યોગે ઉલ્લસી ॥ ૫ ॥ જગપતિ ચોસઠ સુરપતિ તામ, ભક્તિ કરે ચિત્ત ગહગહી ॥ જગપતિ નાચે સુરવધૂ કોડિ, અંગે મોડી આગલ રહી ॥૬॥ જગપતિ વાજે નવ નવ છંદ, દેવ વાજિંત્ર સોહામણા ॥ સુરપતિ દેવદુષ્ય ઠવે ખંધ, પુષ્પવૃષ્ટિ કરે સુર ઘણા ॥૭॥ જગપતિ ધન્ય વેલા ઘડી તેહ, ધન્ય તે સુરનર ખેચરા ॥ જગપતિ જેણે કલ્યાણક દીઠ, ધન્ય જન્મ તે ભવ તર્યા ॥૮॥ જગપતિ

પ્રભુપદ પદ્મની સેવ, ત્રિકરણ શુદ્ધે જે કરે ।। જગપતિ
કરીય કરમનો અંત, શુદ્ધ રૂપ નિજ તે વરે ।।૯।।

પછી જયવીયરાય અર્દ્ધા કહીને ખમાસમણ દઈ ચૈત્ય-વંદનનો આદેશ માગી ત્રીજું ચૈત્યવંદનકહેવું, તે આ પ્રમાણે-

## ।। તૃતીય ચૈત્યવંદન ।।

અવધિજ્ઞાને આભોગિને, નિજ દીક્ષા કાલ ।।
દાન સંવચ્છરી જિન દીયે, મનોવાંછિત તતકાલ ।।૧।।
ધન કણ કંચન કામિની, રાજ ઋદ્ધિભંડાર ।।
છંડી સંયમ આદરે, સહસ પુરૂષ પરિવાર ।। ૨।।
મૃગશિર શુદિ એકાદશી એ, સંયમ લીયે મહારાજ ।।
તસ પદ પદ્મ સેવન થકી, સીઝે સઘલાં કાજ ।।૩।।

પછી જંકિંચિ૦ કહી નમુત્થુણં૦ કહીને, જયવીયરાય સંપૂર્ણ કહેવા ।। ઈતિ પ્રથમ દેવવંદન જોડો ।। ૧ ।।

## દેવવંદનનો બીજો જોડો

વિધિ-પ્રથમના જોડાની માફક જ હવે પછીના સંઘળા જોડાની વિધિ જાણવી.

## ।। પ્રથમ ચૈત્યવંદન ।।

જય જય મલ્લિ જિણંદ ચંદ, ગુણકંદ અમંદ ।।
નમે સુરાસુર ચંદ, તિમ ભૂપતિ વૃંદ ।।૧।।
કુસુમગેહ શય્યા કુસુમ, કુસુમાભરણ સોહાય ।।
જનની કુખે જબ જિન હુતા, મલ્લિ નામ તિણે ઠાય ।।૨।।

કુંભ નરેશ્વર કુલતિલો એ, મલ્લિનાથ જિનરાજ ॥
તસ પદ પદ્મ નમ્યા થકી, સિઝે સઘલાં કાજ ॥ ૩ ॥

## ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

નીલ વરણ દુઃખ હરણ, શરણ શરણાગતવત્સલ ॥
નિરૂપમ રૂપ નિધાન સુજસ, ગંગાજલ નિરમલ ॥૧॥
સુગુણ સુરાસુર કોડિ, નિત્ય સેવા સારે ॥
ભક્તિ જુક્તિનિત્યમેવ,કરી નિજ જન્મ સુધારે ॥૨॥
બાલ-પણે જિનરાજને એ, સવિ મલી હુલરાવે ॥
જિન મુખ પદ્મ નિહાલીને, બહુ આણંદ પાવે ॥૩॥

## ॥ થોયોનો પ્રથમ જોડો ॥

સુણ સુણરે સાહેલી, ઉઠી સહુથી પહેલી ॥
કરી સ્નાન વહેલી, જિમ વધે પુણ્ય વેલી ॥
તજી મોહની પલ્લી, ખંડ કરી કામવલ્લી ॥
કરી ભક્તિ સુભલ્લી, પૂજિ જિનદેવ મલ્લી ॥૧॥
સવિ જિન સુખકારી, મોહ નિદ્રા નિવારી ॥
ભવિજન નિસ્તારી, વાણી સ્યાદ્વાદ-ધારી ॥
નિર્મલ ગુણધારી, ધૌત મિથ્યાતગારી ॥
નમિએ નર નારી, પાપ સંતાપ વારી ॥૨॥
મૃગશિર અજુઆલી, સર્વ તિથિમાં રસાલી ॥
એકાદશી પાલી, પાપની શ્રેણિ ગાલી ॥
આગમમાં રસાલી, તિથિ કહી તે સંભાલી ॥
શિવવધૂ લટકાળી, પરણશે દેઈ તાલી ॥૩॥

વૈરુટ્યા દેવી ભક્તિ હિયડે ધરેવી,
જિન ભક્તિ કરેવી, તેહનાં દુઃખ હરેવી ॥
મમ મહિર કરેવી, લચ્છી લીલા વરેવી ॥
કવિરૂપ કહેવી, દેજો સુખ નિત્યમેવી ॥૪॥

## ॥ થોયોનો બીજો જોડો ॥

મિથિલાપુરી જાણી, સ્વર્ગ નગરી સમાણી ॥
કુંભ નૃપ ગુણખાણી, તેજથી વજ્રપાણી ॥
પ્રભાવતી રાણી, દેવનારી સમાણી ॥
તસ કુખ દયાળી, જન્મ્યા જિહાં મલ્લી નાણી ॥૧॥
દિશિકુમરી આવે, જન્મ કરણી ઠરાવે ॥
જિનના ગુણ ગાવે, ભાવના ચિત્ત ભાવે ॥
જન્મોત્સવ દાવે, ઈંદ્ર સુર શૈલ ઠાવે ॥
હરિ જિનગૃહ આવે, લેઈ પ્રભુ મેરૂ જાવે ॥૨॥
અચ્યુત સુર રાજા, સ્નાત્ર કરે ભક્તિ ભાજા ॥
નિજનિજસ્થિતિભાજા, પૂજે જિનભક્તિ તાજા ॥
નિજ ચઢત દિવાજા, સૂત્રમર્યાદ ભાજા ॥
સમકિત કરી સાજા, ભોગવે સુખ માજા ॥૩॥
સુરવધૂ મલી રંગે, ગાય ગુણ બહુ ઉમંગે ॥
જિન લઈ ઉચ્છરંગે, ગોદે થાપે ઉમંગે ॥
જિનપતિને સંગે, ભક્તિરંગ પ્રસંગે ॥
સંઘ ભક્તિ તરંગે, પામે લચ્છી અભંગે ॥૪॥

## ॥ श्री मल्लिजिनजन्मकल्याणक स्तवन ॥

મારો પીયુડો પર ઘર જાય, સખી શું કહીએ રે.
કિમ એકલડાં રહેવાય, વિયોગે મરીએ રે ॥ એ દેશી ॥
મિથિલા તે નયરી દીપતીરે, કુંભ નૃપતિ કુલતંસ ॥
મલ્લિ જિણંદ સોહામણો રે, સયલદેવ અવતંસ ॥૧॥
સખી સુણ કહિયે રે,
મહારો જિનજી મોહનવેલિ હિયડે વહિયે રે ॥ એ આંકણી ॥
છપ્પન દિશિકુમરી મલી,કરતી જન્મનાં કાજ ॥
હેજાલી હરખે કરીરે, હુલ-રાવે જિનરાજ
॥ સખી૦॥૨॥ મહા૦॥
વીણા વજાવે વાલહી રે, લળી લળી જિન ગુણ ગાય ॥
ચિરંજીવો એ બાલુડો રે, જિમ કંચનગિરિ રાય
॥ સખી૦ ॥૩॥ મહા૦॥
કેઈ કરમાં વીંજણ ગ્રહી રે, વીંજ હરખે વાય ॥
ચતુરા ચામર ઢાલતી રે; સુરવધૂ મન મલકાય ॥
સખી૦ ॥૪॥ મહા૦ ॥
નાચે સાચે પ્રેમથી રે, રાચે માચે ચિત્તના જાચે સમકિત
શુદ્ધતા રે, ભવજલ તરણ નિમિત્ત ॥
સખી૦ ૫ ॥ મહા૦ ॥
ઉર શિર સ્કંધ ઉપર ધરે રે, સુરવધૂ હોડાહોડિ;

જગત તિલક ભાલે ધરી રે, કરતી મોડા મોડી.
સખી૦ મહા૦ ॥ ૬ ॥
તવ સુરપતિ સુરગિરિ શિરે રે, નમન કરે કર જોડી;
તીર્થો-દક કુંભા ભરીરે, સાઠ લાખ એક કોડિ.
સખી૦ મહા૦ ॥૭॥
જિન જનની પાસે ઠવી રે, વરશી રયણની રાશિ;
સુરપતિ નંદીશ્વર ગયા રે, ધરતાં મન ઉલ્લાસ.
સખી૦ મહા૦ ॥૮॥
સુરપતિ નરપતિએ કર્યો રે, જન્મ ઉચ્છવ અતિ ચંગ;
મલ્લિ જિણંદ પદ પદ્મશું રે, રૂપવિજય ધરે રંગ,
સખી૦ મહા૦ ॥ ૯ ॥

## ॥ તૃતીય ચૈત્યવંદન ॥

પુરૂષોત્તમ પરમાતમા, પરમ જ્યોતિ પરધાન;
પરમાનંદ સ્વરૂપ રૂપ, જગતમાં નહિ ઉપનામ ॥૧॥
મરકત રત્ન સમાન વાન, તનુ કાંતિ બિરાજે;
મુખ સોહા શ્રીકાર દેખી, વિધુમંડલ લાજે ॥૨॥
ઈંદિવરદલ નયન સયલ, જન આણંદકારી;
કુંભરાય કુલ ભાણ ભાલ, દીધિતિ મનોહારિ ॥૩॥
પુરવધૂ નરવધૂ મલિ મલિ, જિનગુણ ગણ ગાતી;
ભક્તિ કરે ગુણવંતની,મિથ્યા અઘ ઘાતી ॥ ૪ ॥

મલ્લિ જિણંદ પદ પદ્મની એ, નિત્યસેવા કરે જેહ;
રૂપવિજય પદ સંપદા, નિશ્ચય પામે તેહ. ॥ ૫ ॥

( ઈતિ દ્વિતીય જોડો )

## ॥ અથ દેવવંદનનો તૃતીય જોડો ॥

વિધિ-હવે પછીના બધા જોડામાં પ્રથમ જોડાની પેઠે સર્વ વિધિ કરવી.

### ॥ પ્રથમ ચૈત્યવંદન ॥

અદ્ભુત રૂપ સુગંધિ શ્વાસ, નહિં રોગ વિકાર;
મેલ નહી જસ દેહ રહે, પ્રસ્વેદ લગાર ॥૧॥
સાગરવર ગંભીર ધીર, સુરગિરિસમ જેહ,
ઔષધિપતિ સમ સૌમ્ય કાંતિ, વર ગુણગણ ગેહ ॥૨॥
સહસ અષ્ટોત્તર લક્ષણે એ, લક્ષિત જિનવર દેહ;
તસ પદ પદ્મ નમ્યા થકી, ન રહે પાપની રેહ ॥ ૩ ॥

### ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

મલ્લિનાથ શિવ સાથ, આઠ વર અક્ષયદાયી;
છાજે ત્રિભુવન માંહિ, અધિક પ્રભુની ઠકુરાઈ ॥ ૧ ॥
અનુત્તર સુરથી અનંત ગુણ, તનુ શોભા છાજે;
આહાર નિહાર સદશ જાસ, વર અતિશય રાજે ॥ ૨ ॥
મૃગ-શિર શુદી એકાદશી એ, લીયે દીક્ષા જિનરાજ;
તસ પદ પદ્મ નમ્યા થકી, સીઝે સઘલાં કાજ ॥ ૩ ॥

## ॥ થોયોનો પ્રથમ જોડો ॥

નમો મલ્લિ જિણંદા, જિમ લહો સુખ વૃંદા,
ટાલે દુરગતિ દંદા, ફેરી સંસાર ફંદા;
પદ યુગ અરવિંદા, સેવિયે થઈ અમંદા,
જિમ શિવસુખ કંદા, વિસ્તરે છંડી દંદા ॥ ૧ ॥
જિનવર જયકારી, વિશ્વ ભવ્યોપ-કારી;
કરે જબ વ્રત ત્યારી, જ્ઞાન ત્રીજે નિહારી;
તવ સુર અધિકારી, વિનવે ભક્તિ ધારી;
વરો સંયમનારી, પરિગ્રહારંભ છારી ॥ ૨ ॥
મણપજ્જવ નાણી, હુઆ ચારિત્ર ખાણી,
સુરનર ઇંદ્રાણી, વંદે બહુ ભાવ આણી,
તે જિનની વાણી, સૂત્રમાંહિ લખાણી;
આદરે જેહ પ્રાણી, તે વરે સિદ્ધિ રાણી ॥ ૩ ॥
પારણું જસ ગેહે, નાથ કરે જઈ સ્વદેહે;
ભરે કંચન મેહે, ઓક તસ દેવ નેહે;
સંઘ દુરિત હરેહિં, દેવ દેવી વરેહિં;
કુબેર સુરેહિં, રૂપવિજય પ્રદેહિ ॥ ૪ ॥

## ॥ અથ દ્વિતીય થોય જોડો ॥

મલ્લિ જિન નામે, સંપદા કોડિ પામે;
દુરગતિ દુઃખ વામે, સ્વર્ગના સુખ જામે;
સંયમ અભિરામે, જે યથાખ્યાત નામે;
કરી કર્મ વિરામે, જઈ વસે સિદ્ધિધામે ॥૧॥
પંચ ભરહ મઝાર, પંચઐરવત્ત સાર;
ત્રિહુંકાલ વિચાર, નેવું જિનનાં ઉદાર;
કલ્યા-ણક વાર, જાપ જપિયે શ્રીકાર;
જિમ કરી ભવ પાર, જઈ વરો સિદ્ધિ નાર ॥૨॥
જિનવરની વાણી, સૂત્ર-માંહે ગુંથાણી;
ષડ્ દ્રવ્ય વખાણી ચાર અનુયોગ બાણી;
સગભંગી પ્રમાણી, સપ્ત નયથી ઠરાણી;
સાંભળે દિલ આણી, તે વરે સિદ્ધિ રાણી ॥૩॥
વૈરૂટયાદેવી, મલ્લિ જિન પાય સેવી;
પ્રભુ ગુણ સમરેવી, ભક્તિ હિયડે ધરેવી;
સંઘ દુરિત હરેવી, પાપ સંતાપ ખેવી;
રૂપવિજય કહેવી, લચ્છી લીલા વરેવી ॥૪॥

## ॥ શ્રી મલ્લિજિનદીક્ષા કલ્યાણક સ્તવન ॥

( સખી આવી દેવદિવાલી રે, એ દેશી )

પંચમ સુરલોકના વાસી રે, નવ લોકાંતિક સુવિ-
લાસી રે; કરે વિનતિ ગુણની રાશિ ॥ ૧ ॥
મલ્લિજિન નાથજી વ્રત લીજે રે,
ભવિ જીવને શિવસુખ દીજે;મલ્લિ૦ એ આંકણી.
તુમે કરૂણારસ ભંડાર રે, પામ્યા છો ભવજલ પાર રે;
સેવકનો કરો ઉદ્ધાર ॥ મલ્લિ૦ ભવિ૦ ॥ ૨ ॥
પ્રભુ દાન સંવત્સરી આપે રે, જગનાં દારિદ્ર દુઃખ કાપે રે;
ભવ્યત્વ પણે તસ છાપે (થાપે) ॥ મલ્લિ૦ ભવિ૦ ॥ ૩ ॥
સુરપતિ સઘલા મલિ આવે રે, મણિ રયણ સોવન વરસાવે રે;
પ્રભુ ચરણે શીશ નમાવે ॥ મલ્લિ૦ ભવિ૦ ॥ ૪ ॥
તીર્થોદકકુંભા લાવે રે, પ્રભુને સિંહાસન ઠાવે રે;
સુરપતિ ભક્તે નવરાવે ॥ મલ્લિ૦ ભવિ૦ ॥ ૫ ॥
વસ્ત્રાભરણે શણગારે રે, ફૂલ માલા હૃદય પર ધારે રે;
દુઃખડાં ઈંદ્રાણી ઉવારે ॥ મલ્લિ૦ ભવિ૦ ॥ ૬ ॥
મલ્યા સુર નર કોડાકોડી રે, પ્રભુ આગે રહ્યા કર જોડી રે;
કરે ભક્તિ યુક્તિ મદ મોડી ॥ મલ્લિ૦ ભવિ૦ ॥ ૭ ॥
મૃગશિર શુદીની અજુ- આલી રે, એકાદશી ગુણની આલી રે;
વર્યા સંયમ વધૂ લટકાલી ॥ મલ્લિ૦ ભવિ૦ ॥ ૮ ॥
દીક્ષા કલ્યાણક એહ રે, ગાતા દુઃખ ન રહે રે;
લહે રૂપવિજય જસ નેહ ॥ મલ્લિ૦ ભવિ૦ ॥ ૯ ॥

## તૃતીય ચૈત્યવંદન

જય જય મલ્લિ જિણંદ દેવ, સેવા સુરપતિ સારે;
મૃગશિર શુદી એકાદશી, સંયમ અવધારે ॥ ૧ ॥
અભ્યંતર પરિવારમેં, સંયતિ ત્રણશે જાસ;
ત્રણશે ષડ્ નરસંયમે, સાથે વ્રત લીએ ખાસ ॥ ૨ ॥
દેવદુષ્ય ખંધે ધરી એ, વિચરે જિનવર દેવ;
તસ પદ પદ્મની સેવના, રૂપ કહે નિત્ય મેવ ॥ ૩ ॥

## ॥ ઈતિ તૃતીય જોડો ॥

## ॥ અથ દેવવંદનનો ચોથો જોડો ॥

વિદર્ભદેશ મિથિલાપુરી, કુંભ નૃપતિ કુલભાણ;
પુણ્યવલ્લી મલ્લિ નમો, ભવિયણ સુહ જાણ ॥ ૧ ॥
પણવિશ ધનુષની દેહડી,નીલ વરણ મનોહાર;
કુંભ લંછન કુંભની પરે, ઉતારે ભવ પાર ॥ ૨ ॥
મૃગશિર શુદી એકાદશી એ, પામ્યા પંચમ નાણ;
તસ પદ પદ્મ વંદન કરી, પામો શાશ્વત ઠાણ ॥ ૩ ॥

## ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

પહેલું ચોથું પાંચમું, ચારિત્ર ચિત્ત લાવે;
ક્ષપક શ્રેણી જિનજી ચઢી, ઘાતિકર્મ ખપાવે ॥ ૧ ॥
દીક્ષા દિન શુભ ભાવથી, ઉપન્યું કેવલનાણ;
સમવસરણ સુરવર રચે, ચઉવિહ સંઘ મંડાણ ॥ ૨ ॥

વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય;
તસ પદ પદ્મ નમ્યા થકી, ચિદ્રૂપ ચિત્ત ઠાય ॥ ૩ ॥

## ॥ પ્રથમ સ્તુતિ ॥

નમો મલ્લિ જિણંદા, જાસનમે દેવ વૃંદા;
તિમ ચોસઠ ઈંદા, સેવે પાદારવિંદા;
દુરગતિ દુઃખ દંદા, નામથી સુખકંદા;
પ્રભુ સુજસ સુરિંદા, ગાય ભક્તે નરિંદા ॥૧॥
નવતિ જિનરાયા, શુક્લ ધ્યાને સુહાયા;
સોહં પદ પાયા, ત્યક્ત મદ મોહ માયા;
સુર નર ગુણ ગાયા, કેવલશ્રી સુહાયા,
તે સવિ જિનરાયા, આપજો મોક્ષ માયા ॥૨॥
કેવલ વર નાણે, વિશ્વના ભાવ જાણે;
બાર પરષદઠાણે, ધર્મ જિનજી વખાણે;
ગણ-ધર તિણે ટાણે, ત્રિપદીએ અર્થ માણે;
જે રહે સુહ-ઝાણે, તે રમે આત્મ નાણે ॥૩॥
વૈરૂટ્યા દેવી ભક્તિ હિયડે ધરેવી;
જિનસેવા કરેવી, વિઘ્નનાં વૃંદ ખેવી,
સંઘ દુરિત હરેવી, લચ્છી લીલા વરેવી;
રૂપવિજય કહેવી; આપજો મૌજ દેવી ॥૪॥

## ॥ દ્વિતીય સ્તુતિ ॥

મલ્લિ જિનરાજા, સેવીયે પુણ્ય ભાજા;
જિમ ચડત દિવાજા, પામિયે સુખ તાજા;
કોઈ લોપે ન માજા, નિત્ય નવા (વ) સુખ સાજા;
કોઈ ન કરે જા જા, પુણ્યની એહ માજા ॥ ૧ ॥
મલ્લિ નમી નામે, કેવલજ્ઞાન પામે,
દસ ક્ષેત્ર સુઠામે, તિમજ ભિન્ન ભિન્ન નામે;
ત્રણ્ય કાલ નિમામે, ઘાતિયાં કર્મ વામે;
તે જિન પરિણામે, જઈ વસે સિદ્ધિ ધામે ॥ ૨ ॥
જિનવરની વાણી, ચાર અનુયોગ ખાણી,
નવતત્ત્વ વખાણી, દ્રવ્ય ષટ્માં પ્રમાણી;
ગણધરે ગુંથાલી, સાંભલે જેહ પ્રાણી;
કરી કર્મની હાણી, જઈ વરે સિદ્ધિ રાણી ॥ ૩ ॥
સુર કુબેર આવે, શીશ જિનને નમાવે;
મિથ્યાત્વ ખપાવે, શુદ્ધ સમ્યક્ત્વ પાવે;
પુણ્ય થોક જમાવે, સંઘભક્તિ પ્રભાવે;
પદ્મ વિજય સુહાવે, શિષ્ય તસ રૂપ ગાવે ॥ ૪ ॥

## શ્રી મલ્લિજિન કેવલજ્ઞાન કલ્યાણક સ્તવન

( સાંભલ રે તું સજની મોરી,
રજની કિહાં રમી આવી જી રે,એ દેશી )
મલ્લિ જિનેશ્વર અરચિત કેશર,

અલવેસર અવિ-નાશી જી; પરમેશ્વર પૂરણ પદ ભોક્તા,
ગુણરાશી શિવ વાસી; જિનજી ધ્યાવો જી ॥ ૧ ॥
મલ્લિ જિણંદ મુણિંદ, ગણ ગણ ગાવો જી (એ આંકણી) ॥
મૃગશિર શુદી એકાદશી દિવસે, ઉપન્યું કેવલનાણ જી,
લાકા-લોક પ્રકાશક ભાસક, પ્રગટ્યો અભિનવ ભાણ ॥
જિનજી૦ મલ્લિ૦ ॥ ૨ ॥
મત્યાદિક ચઉનાણનું ભાસન,એહમાં સકલ સમાય જી,
ગ્રહ ઉડુ તારા ચંદ્ર પ્રભા જિમ, તરણી તેજમાંજાય ॥
જિનજી૦ મલ્લિ૦ ॥ ૩ ॥
જ્ઞેયભાવ સવિ જ્ઞાને જાણે, જે સામાન્ય વિશેષ જી;
આપ સ્વભાવે રમણ કરે પ્રભુ, તજી પુદ્ગલ સંક્લેશ
॥ જિનજી૦ મલ્લિ૦ ॥ ૪ ॥
ચાલીશ સહસ મહામુનિ જેહના, રત્નત્રય આધાર જી;
સહસ પંચાવન સાહુણિ જાણો, ગુણમણિ રયણ ભંડાર ॥
જિનજી૦ મલ્લિ૦ ॥ ૫ ॥
શતસમ ન્યૂન સહસ પંચાવન, વરસ કેવલ ગુણ ધરતા જી;
વિચરે વસુધા ઉપર જિનજી, બહુ ઉપગારને કરતા ॥
જિનજી૦ મલ્લિ૦ ॥ ૬ ॥
કેવલ-નાણ કલ્યાણક જિનનું, જે ભવિયણ નિત્ય ગાવે જી;
જિન ઉત્તમ પદ પદ્મ પ્રભાવે શુદ્ધ રૂપ તે પાવે ॥
જિનજી૦મલ્લિ૦ ॥ ૭ ॥

## ॥ તૃતીય ચૈત્યવંદન ॥

જય નિર્જિત મદ મલ્લ, શલ્યત્રય વર્જિત સ્વામી
જય નિર્જિત કંદર્પદર્પ, નિજ આતમ રામી ॥ ૧ ॥
દુર્જય ઘાતિ-કર્મ મર્મ, ભંજન વડવીર;
નિર્મલ ગુણ સંભાર સાર, સાગર વર ગંભીર ॥ ૨ ॥
અનંત જ્ઞાન દર્શન ધરૂ એ, મલ્લિ જિણંદ મુણિંદ;
વદન પદ્મ તસ દેખતાં, લહે ચિદ્રૂપ અમંદ ॥ ૩ ॥
॥ ઈતિ ચોથો જોડો ॥

## ॥ દેવવંદનનો પાંચમો જોડો ॥

### પ્રથમ ચૈત્યવંદન

સકલ સુરાસુર ઈંદ વૃંદા, ભાવે કર જોડી; સેવે
પદ પંકજ સદા, જઘન્ય થકી એક કોડી ॥ ૧ ॥
જાસ ધ્યાન એક તાન, કરે જે સુરનર ભાવે;
સંકટ કષ્ટ દૂરે ટલે, શુચિ સંપદ પાવે ॥ ૨ ॥
સર્વ સમીહિત પૂરવા એ, સુરતરુ સમ સોહાય;
તસ પદ પદ્મ પૂજ્યા થકી, નિશ્ચય શિવ સુખ થાય. ॥ ૩ ॥

### ॥ દ્વિતીય ચૈત્યવંદન ॥

નમો નમો શ્રીનમિજિનવરૂ, જગનાથ નગીનો;
પદ યુગે પ્રેમે જેહના, પૂજે પતિ શચી[1] ઈંદ્રાણીનો ॥ ૧ ॥

સિંહાસન આસન કરી, જગ ભાસન જિનરાજ;
મધુર ધ્વનિ દીયે દેશના, ભવિ જનને હિત કાજ ॥ ૨ ॥
ગુણ પાંત્રીશ અલંકરી એ, પ્રભુ મુખ પદ્મની વાણી;
તે નમિ જિનની સાંભલી, શુદ્ધ રૂપ લહે પ્રાણી ॥ ૩ ॥

## ॥ પ્રથમ સ્તુતિ ॥

શ્રી નમિજિન નમિયે, પાપ સંતાપ ગમીયે;
નિજ તત્ત્વમાં રમીયે, સર્વ અજ્ઞાન વમીએ;
સવિ વિઘ્નને દમીયે, વર્તિએ પંચ સમીએ;
નવિ ભવ વન ભમીયે, નાથ આણા ન ક્રમીયે ॥ ૧ ॥
દશે ખેત્રના ઈશ, તીર્થ-પતિ જેહ ત્રીશ;
ત્રિહું કાલ ગણીશ, નેવું જિનવર નમીશ;
અર્હતે પદ ત્રીશ, સાઠ દીક્ષા જપીશ;
કેવલી જગદીશ, સાઠ સંખ્યા ગણીશ ॥ ૨ ॥
સગ નય યુત વાણી, દ્રવ્ય છક્કે ગવાણી;
સગ ભંગી ઠરાણી; નંદ[૨] તત્ત્વે વખાણી;
જે સુણે ભવિ પ્રાણી, શુદ્ધ શ્રદ્ધાન આણી;
તે વરે શિવરાણી, શાશ્વતાનંદ ખાણી ॥ ૩ ॥
દેવી ગંધારી, શુદ્ધ સમ્યક્ત્વ ધારી;
પ્રભુ સેવા કારી, સંઘ ચઉવિહ સંભારી;

૧- ઈંદ્રાણી, ૨- નવ

કરે સેવના સારી વિઘ્ન દૂરે વિદારી;
રૂપવિજયને પ્યારી, નિત્ય દેવી ગંધારી ।।૪।।

## દ્વિતીય સ્તુતિ

નમિ જિન જયકારી, સેવિયે ભક્તિ ધારી;
મિથ્યાત્વ નિવારી, ધારીએ આણ સારી;
પરભવ વિસારી, સે-વિયે સુખકારી;
જિમ લહો શિવનારી, કર્મમલ દૂરે ડારી ।। ૧ ।।
વર કેવલનાણી, વિશ્વના ભાવ જાણી,
શુચિ ગુણ ગણ ખાણી શુદ્ધ સત્તા પ્રમાણી;
ત્રિભુવનમાં ગવાણી, કીર્તિ કાંતા વખાણી;
તે જિન ભવિ પ્રાણી, વંદીયે ભાવ આણી ।। ૨ ।।
આગમની વાણી, સાત નયથી વખાણી;
નવતત્ત્વ ઠરાણી, દ્રવ્ય ષટ્માં પ્રમાણી;
સગ ભંગ ભરાણી, ચાર અનુયોગ જાણી;
ધન્ય તાસ કમાણી, જે ભણે ભાવ આણી ।। ૩ ।।
એકાદશી સારી, મૃગશીર્ષે વિચારી;
કરે જે નર નારી, શુદ્ધ સમ્યક્ત્વધારી;
તસ વિઘ્ન વિદારી, દેવી ગંધારી સારી;
રૂપવિજયને ભારી, આપજો લચ્છી પ્યારી ।। ૪ ।।

## શ્રી નમિનાથજિન સ્તવન

(થારા મહોલા ઉપર મેહ ઝબૂકે વીજલી,
મારા લાલ, એ-દેશી)

પરમ રૂપ નિરંજન, જન મન રંજણો લલના૦
ભક્તિવચ્છલ ભગવંત, તું ભવ ભય ભંજણો લલના૦
જગત જંતુ હિતકારક, તારક જગધણી, લલના૦
તુજ પદ પંકજ સેવ, હેવ[1] મુજને ઘણી, લલના૦ ॥૧॥
આવ્યો રાજ હજુર, પૂરવા ભગતિ ભરે; લલના૦
આપો સેવના આપ, પાપ જિમ સવિ ટલે; લલના૦
તુમ સરિખા મહારાજ, મહેર જો નહિ કરે; લલના૦
તો અમ સરિખા જીવનાં, કારજ કિમ સરે. લલના૦ ॥૨॥
જગતારક જિનરાજ, બિરૂદ છે તુમ તણો; લલના૦
આપો સમ-કિત દાન, પરાયા મત ગણો; લલના૦
સમરથ જાણી દેવ, સેવના મેં કરી; લલના૦
તુંહિ જ છે સમરથ, તારણ તરણ તરી[2] લલના૦ ॥૩॥
મગશિર સિત એકા-દશી, ધ્યાન શુક્લ ધરી; લલના૦
ઘાતિ કરમ કરી અંત કે, કેવલ શ્રી વરી; લલના૦
જગ નિસ્તારણ કારણ, તીરથ થાપીયો; લલના૦
આતમ સત્તા ધર્મ, ભવ્યને આપીઓ. લલના૦ ॥૪॥

૧. ટેવ ૨. વહાણ ૩. શુકલ

અમ વેલા કિમ આજ, વિલંબ કરી રહ્યા; લલના૦
જાણો છો મહારાજ, સેવકે ચરણાં ગ્રહ્યાં; લલના૦
મન માન્યા વિના માહરૂં, નવિ છોડું કદા; લલના૦
સાચો સેવક તેહ, જે સેવા કરે સદા. લલના૦ ॥ ૫ ॥
વપ્રા માત સુજાત, કહાવો શ્યું ઘણું; લલના૦
આપો ચિદાનંદ દાન, જનમ સફલો ગણુ લલના૦
જિન ઉત્તમ પદ પદ્મવિજય પદ દીજીએ; લલના૦
રૂપવિજય કહે સાહિબ, મુજરો લીજીએ લલના૦ ॥ ૬ ॥

## ॥ તૃતીય ચૈત્યવંદન ॥

સકલ મંગલ કેલિ કમલા, મંદિરં ગુણસુંદરં,
વર કનકવર્ણ સુપથ (ર્વ) પતિ જસ,
ચરણસેવે મન-હરં; અમરાવતી સય નયરી મિથિલા,
રાજ્યભાર ધુરાધરં; પ્રણમામિ શ્રી નમિનાથ જિનવર,
ચરણ પંકજ સુખકરં ॥૧॥
ગજવાજિસ્યંદન[૧] દેશ પુર ધન,ત્યાગ કરી ત્રિભુવન ધણી;
ત્રણશે અઠયાશી કોડિ ઉપર, દીએ લખ એંશી ગણી;
દીનાર જનની જનક (નામાં) અંકિત,
દીયે ઈચ્છિત જિનવર ॥ પ્રાણ૦ ॥ ૨ ॥
સહસ્ત્રામ્ર વનમાં સહસ નર યુત, સૌમ્ય[૨] ભાવ સમાચરે;
નરક્ષેત્ર સંજ્ઞી ભાવ વેદી, જ્ઞાન મનઃપર્યવ વરે;

અપ્ર-મત્ત ભાવે ઘાતિ ચઉ ખય,
લહે કેવલ દીનકર[3]॥ પ્રણ૦ ॥ ૩ ॥
તવ સકલ સુરપતિ ભક્તિ નતિ[4] કરી, તીર્થપતિ ગુણ ઉચ્ચરે;
જય જગત જંતુ જાત કરુણા-વંત તું ત્રિભુવન શિરે;
જય અકલ અચલ અનંત અનુપમ,
ભવ્ય જન મન ભયહરં ॥ પ્રણ૦ ॥ ૪ ॥
સપ્તદશ જસ ગણધરા મુનિ, સહસ વિંશતિ ગુણનીલા;
સહસ એકતાલીસ સાહુણી, સોલસે કેવલી ભલા;
જિનરાજ ઉત્તમ પદ્મની,
રૂપવિજય સુહા (હં) કર ॥ પ્રણ૦ ॥ ૫ ॥
પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી જયવીયરાય૦ સંપૂર્ણ કહો.

**મૌન એકાદશી દેવ વંદનમ સંપૂર્ણમ્**

૧- રથ ૨-ચારિત્ર ૩-સૂર્ય ૪- નમસ્કાર

# શ્રી મૌન એકાદશી ચૈત્યવંદનાદિ સંગ્રહ

## મૌન એકાદશીનું ચૈત્યવંદન (૧)

શાસન નાયક વીરજી, પ્રભુ કેવલ પાયો;
સંઘ ચતુર્વિધ સ્થાપવા, મહસેન વન આયો... ૧
માધવ સુદિ એકાદશી, સોમિલ દ્વિજ યજ્ઞ;
ઈન્દ્રભૂતિ આદે મળ્યા, એકાદશ વિજ્ઞ... ૨
એકાદશસેં ચઉગુણો, તેહનો પરિવાર;
વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર... ૩
જીવાદિક સંશય હરી, એકાદશ ગણધાર;
વીરે થાપ્યા વંદીએ, જિનશાસન જયકાર... ૪
મલ્લિ જન્મઅર મલ્લિપાસ, વ્રત ચરણ વિલાસી;
ઋષભ અજિત સુમતિ નમિ, મલ્લિ ઘનઘાતી વિનાસી...૫
પદ્મપ્રભ શિવવાસ પાશ, ભવભવના તોડી;
એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘળી જોડી... ૬
દશક્ષેત્રે ત્રિહું કાળનાં, ત્રણસે કલ્યાણક;
વરસ અગ્યાર એકાદશી, આરાધો વરનાણ... ૭
અગ્યાર અંગ લખાવીએ, એકાદશ પાઠાં;
પુંજણી ઠવણી વીંટણાં, મશી કાગળને કાંઠા... ૮
અગ્યાર અવ્રત છાંડવાએ, વહો પડિમા અગ્યાર;
**"ક્ષમાવિજય"** જિનશાસને, સફળ કરો અવતાર... ૯

## મૌન એકાદશી ચૈત્યવંદન

નેમિજિનેશ્વર ગુણનીલો, બ્રહ્મચારી શિરદાર;
સહસ પુરૂષશું આદરી, દીક્ષા જિનવર સાર. ૧
પંચાવનમેં દિન લહ્યું, નિરૂપમ કેળવનાણ;
ભવિક જીવ પડિબોધવા, વિચરે મહીયલ જાણ ૨
વિહાર કરતાં આવીયા એ, બાવીશમાં જિનરાય;
દ્વારિકા નગરી સમોસર્યા, સમવસરણ તિહાં થાય. ૩
બાર પર્ષદા તિહાં મળી, ભાખે જિનવર ધર્મ;
સર્વ પર્વ તિથિ સાચવો, જિમ પાવો શિવશર્મ. ૪
તવ પૂછે હરિ નેમને, દાખો દિન મુજ એક;
થોડો ધર્મ કર્યા થકી, શુભ ફળ પામું અનેક ૫
નેમ કહે કેશવ સુણો, વરસ દિવસમાં જોય;
માગશર શુદિ એકાદશી,એ સમ અવર ન કોય. ૬
ઈણ દિન કલ્યાણકથયાં, નેવું જિનનાં સાર;
એ તિથિ વિધિયે આરાધતાં, સુવ્રત થયો ભવપાર ૭
તે માટે મોટી તિથિ, આરાધો મન શુદ્ધ;
અહોરાત્ર પોસહ કરો, મન ધરી આતમ બુદ્ધ ૮
દોઢસો કલ્યાણક તણું, ગુણણું ગણોમન રંગ;
મૌન કરી આરાધીએ, જિમ પામો સુખ સંગ ૯
ઉજમણું પણ કીજીએ, ચિત્ત ધરી ઉલ્લાસ;
પાઠાં ને વીટાંગણાં, ઈત્યાદી કરો ખાસ. ૧૦
ઈમ એકાદશી ભાવશ્યું, આરાધે નરરાય;
ક્ષાયિક સમકિતનો ધણી, જિન વંદી ઘેર જાય ૧૧

એકાદશી ભવિયણ ધરો, ઉજ્જવલ ગુણ જિમ થાય,
**ક્ષમાવિજય** જસ ધ્યાનથી, શુભ સુરપતિ ગુણ ગાય. ૧૨

## મૌન એકાદશીની થોય

શ્રીભાગ નેમિર્બભાષે જલશયસવિધેઃ સ્ફૂર્તિમેકાદશીયાં,
માઘન્મોહાવનીન્દ્રપ્રશમનવિશિખઃ પંચ બાણાર્ચિરર્ણઃ;
મિથ્યાત્વધ્વાન્તવાન્તૌ રવિકર નિકરસ્તીવ્ર લોભાદ્રવિજ્રં,
શ્રેયસ્તત્પર્વ વસ્તાચ્છિવસુખમિતિ વા સુવ્રતશ્રેષ્ઠિનોઽભૂત્ ૧
ઈંદ્રૈરભ્ર ભ્રમદ્ભિ ર્મુનિપગુણરસા-સ્વાદના નંદ પૂર્ણૈ-
ર્દિવ્યદ્ભિઃ સ્ફારહારૈ ર્લલિતવરવપુર્યષ્ટિભિસ્સ્વર્વધૂભિ;
સાર્ધં કલ્યાણકૌઘો જિનપતિનવતે-બિઁદુભૂતેંદુ સંખ્યો,
ઘસ્ત્રે યસ્મિન્ જગે તદ્ ભવતુ સુભવિનાં પર્વ સચ્છર્મ હેતુ ૨
સિદ્ધાન્તાબ્ધિપ્રવાહઃકુમતજનપદાન્ પ્લાવયન્ યઃ પ્રવૃત્તઃ
સિદ્ધિદ્વીપં નયન્ ઘીઘનમુનિવણિજઃસત્યપાત્ર પ્રતિષ્ઠાન્;
એકાદશ્યાદિપર્વેન્દુમણિમતિદિશન્ ધીવરણાં મહાર્ઘ્યં,
સન્નયાયાંભશ્ચ નિત્યં પ્રવિતરતુ સ નઃ સ્વપ્રતીરે નિવાસમ્ ૩
તત્પર્વોદ્યાપનાર્થં સમુદિતસુધિયાં શંભુસંખ્યાપ્રમેયા-
મુત્કૃષ્ટાં વસ્તુવીથીમભયદસદને પ્રાભૃતીકુર્વતાં તાં;
તેષાં સવ્યાક્ષપાદૈઃ પ્રલપિતમતિભિઃ પ્રેતભૂતાદિભિર્વા,
દુષ્ટૈર્જન્યં ત્વજન્યં હરતુ હરિતનુન્યસ્તપાદાંબિકાખ્યા. ૪

## શ્રી મૌન એકાદશીનું ત્રણ ઢાળનું સ્તવન

### ઢાળ પહેલી

(રાગ : મેરા જીવન) (રાગ : ભાંજે કાયા ભાંજતો રે)

પ્રણમી પૂછે વીરને રે, શ્રી ગોયમ ગણધાર;
મૃગશિર શુદ એકાદશી રે, તપથી શું ફળ થાય રે,
જીનવર ઉપદિશે તિહાં, સાંભળે સહુ સમુદાય રે. જિન૦ ૧
વીર કહે ગોયમ ! સુણો રે ! હરિ આગળ કહ્યો નેમ;
તેમ તુમ આગળ હું કહું રે, સાંભળો મન ધરી પ્રેમ રે. જિન૦ ૨
દ્વારિકા નયરી સમોસર્યા રે, એક દિન નેમ જીણંદ;
કૃષ્ણ આવ્યા તિહાં વાંદવા રે, પૂછે પ્રશ્ન નરિંદ રે. જિન૦ ૩
વર્ષ દિવસના દિન મળી રે, ત્રણસો સાઠ કહંત,
તેહમાં દિન કુણ એહવો રે, તપથી બહુ ફળ હુંત રે. જિન૦ ૪
મૃગશિર સુદી એકાદશી રે, વર્ણવી શ્રી જગનાથ;
દોઢસો કલ્યાણક થયાં રે, જિનના એકણ સાથ રે. જિન૦ ૫
શ્રી અરજિન દિક્ષા ગ્રહી રે, નમિને કેવલનાણ;
જન્મ દિક્ષા કેવળ લહ્યારે, શ્રી મલ્લિ જગભાણ રે. જિન૦ ૬
વર્તમાન ચોવિશીના રે, ભરતે પંચ કલ્યાણ;
એ પાંચે ભરતે થઈ રે, પંચાધિક વીશ જાણ રે. જિન૦ ૭
પાંચે ઐરવતે મિલિ રે, કલ્યાણ પંચ પંચ;
દશ ક્ષેત્રે સહુ એ મિલિ રે, પચ્ચાસ કલ્યાણક સંચ રે. જિન૦ ૮
અતીત અનાગત કાળના રે, વર્તમાનનાં વળી જેહ;
દોઢસો કલ્યાણક થયાં રે, ઉત્તમ ઈણદીન એહ રે. જિન૦ ૯
જે એકાદશી તપ કરે રે, વિધિપૂર્વક ગુણ ગેહ;
દોઢસો ઉપવાસ તણો રે, ફળ લહે ભવિયણ તેહ રે. જિન૦ ૧૦

## ઢાળ બીજી
### ( રાગ : મા પાવા તે ગઢથી )

હવે એકાદશી તપ તણો માધવજી, વિધિ કહું નિર્મળ બુદ્ધિ હો;
ગુણરાગી નરેશ્વર, સાંભળો જાદવજી,
દેવ જુહારો દેહ રે મા૦ ગુરૂ વંદો ભાવ વિશુદ્ધિ હો. ગુણ૦ ૧
અહોરત્તો પોષહ કરી મા૦ ગુરૂમુખે કરો પચ્ચખ્ખાણ હો; ગુણ૦
દેવ વંદો ત્રણ ટંકના મા૦ સાંભળો સદગુરૂ વાણી હો. ગુણ૦ ૨
દોઢસો કલ્યાણક તણો મા૦ગુણણું ગણો એક મન્ન હો; ગુણ૦
ભણણ ગુણણ ક્રિયા વિના મા૦ નવી બોલે અન્ય વચન હો. ગુણ૦ ૩
મૌન ગ્રહો નિશિ દિવસનો મા૦ રાખો શુભ પરિણામ હો; ગુણ૦
મૌન એકાદશી તે ભણી મા૦ નિરૂપમ એવું નામ હો. ગુણ૦ ૪
પ્રથમ દિને એકાસણુ મા૦ પારણે એહી જ રીત હો; ગુણ૦
બાર વર્ષ તપ ઈમ કરે મા૦ શુદ્ધ ધર્મ શું પ્રીત હો. ગુણ૦ ૫
અંગ અગ્યારે તે ભણે મા૦ પડિમા તપ ઈગ્યાર હો; ગુણ૦
પ્રતિમાસે ઉપવાસનો મા૦ તપ કરે નિરૂપમ વાર હો. ગુણ૦ ૬
સુવ્રત શેઠ તણી પરે મા૦ મન રાખે સ્થિરતા જોગ; ગુણ૦
તો એકાદશી દશમે ભવે મા૦ લહે શિવવધુ સંજોગ. ગુણ૦ ૭

## ઢાળ ત્રીજી
### (રાગ : લલના)

હવે ઉજમણું તપ તણું, એકાદશી દિનસાર લલના;
દિન ઊગ્યારે દેહ રે, સ્નાત્રપુજા અધિકાર લલના.
ભગવંત ભાખે હરિ ભણી. ૦ ૧

ઢોણું ઢોવિયે  દેહ રે, ધાન્ય ઈગ્યાર પ્રકાર લલના;
શ્રીફળ ફોફળ સુખડી, નવનવી ભાત ઈગ્યાર લલના. ભ૦ ૨
કેસર સુખડ ધોતિયાં, કંચન કળશ શૃંગાર લલના;
ધૂપધાણાં ને વાટકી, અંગલુહાણ ઘનસાર લલના. ભ૦ ૩
અંગ ઈગ્યારે લખાવીએ, પુઠાં ને રૂમાલ લલના;
ઝાબી દોરા દાબડી, લેખણ કાંબીનિહાલ લલના. ભ૦ ૪
ઝીલમલ ચંદ્રુઆ ભલા, ઠવણી સ્થાપના કાજ લલના;
પાટા જપમાલા ભલી,વાસના વાટુઆ સાજ લલના. ભ૦ ૫
વીંજણાને વળી પૂજણા, કવળી  કોથળી તામ લલના;
રેશમની પાટી રૂઅડી, મુહપત્તિ જયણા કામ લલના. ભ૦ ૬
જ્ઞાનના ઉપગરણ ભલા, ઈગ્યાર ઈગ્યાર માન લલના;
સાધર્મિક ઈગ્યારને, પોષી જે પકવાન લલના. ભ૦ ૭
તે સાંભળી હરિ હરખીયા, આદરે વ્રત પચ્ચખ્ખાણ લલના;
તિથિ એકાદશી તપ કરે, બાર વર્ષ ગુણ ખાણ લલના. ભ૦ ૮
તીર્થંકર પદ તિણ થકી, ગોત્ર નિકાચિત કીધ લલના;
અમમ નામે જીન બારમા, હોશે તપ ફળ સિદ્ધ લલના.ભ૦ ૯
ઈણવીધિ શ્રી વીરે કહ્યો, એ અધિકાર અશેષ લલના;
તેહ ભણી તપ તુમે આદરો, લેશે સુખ સુવિશેષ લલના.ભ૦ ૧૦

## કળશ

શ્રી વીર જિનવર સયલ સુખકર, વરણવી એકાદશી,
તે સુણીય વાણી ભવિક પ્રાણી, તપ કરણ મન ઉલ્લસી.
જશવંત સાગર,સુગુણ આગર, શિષ્ય જીનેંદ્ર સાગરે,
એકાદશી યહ સ્તવન કીધો, સુણીય ભવિયણ આદરે.

## શ્રી મૌન એકાદશીનું દોઢસો કલ્યાણકનું સ્તવન

### ઢાળ ૧ લી

(રાગઃ છટ્ઠી ભાવનામન ધરો)

ધુર પ્રણમું જિન મહરસી, સમરૂં સરસીત ઉલ્લસી,
ધસમસી મુજ મતિ જિનગુણગાયવા એ... ૧
હરિ પૂછે જિન ઉપદિશિ, પરવ મૌન એકાદશી;
મનવસી અહનિશિતે ભવિલોકનેએ... ૨
તરિયાને ભવજલ તરસી, એમ પરવ પૌષધ ફરસી;
મનહરસી, અવસર જે આરાહસિ એ... ૩
ઉજમણે જે ધારસી, વસ્તુ ઈગ્યાર ઈગ્યારસી;
વારસિ, તે દુર્ગતિના બારણા એ... ૪
એ દિન અતિહિ સોહામણો, દોઢસો કલ્યાણક તણો;
મન ઘણો, ગુણણું કરતાં સુખ હોયે, એ... ૫

### ઢાળ ૨ જી

( રાગ : ભવિ તુમ વંદો રે )

પાડે પાડે ત્રણ ચોવીશી, દ્વીપ ક્ષેત્ર જિન નામે;
પાડે પાડે પંચ કલ્યાણક, ધારો શુભ પરિણામે,
જિનવર ધ્યાઈએ રે મોક્ષમાર્ગના દાતા... ૧
સર્વજ્ઞાય નમો એમ પહેલે, નમો અરિહંત એ બીજે;
ત્રીજે નમો નાથાય તે ચોથે, સર્વજ્ઞાય કહીજે, જિનવર... ૨
પાંચમે નમો નાથાય કહીજે, પાડે પાડે જાણો;
ત્રણ નામ તીર્થંકર કેરાં, ગુણણાં પાંચ વખાણો, જિનવર... ૩

ત્રણ ચોવિશિ  એક એક ઢાલે, ત્રણ નામે જિન કહીશું;
કોડી તપ કરી જે ફળ લહીએ, તે જિન ભક્તે લહીશું, જિનવર... ૪
કામ સવે સીજે જિન નામે, સફલ હોય નિજ જીહા;
જે જીભે જિનગુણ સમરંતા, સફલ જનમતેદિહા, જિનવર... ૫

## ઢાળ ૩ જી

## ( રાગ : શ્રી શ્રીપાલ કુવર હવે...મેરે લાલ )

જંબૂ દ્વીપ ભરત ભલું, અતીત ચોવીસી સાર મેરે  લાલ;
ચોથા મહાજસ કેવલી, છઠ્ઠા સર્વાનુભૂતિ ઉદાર મેરે લાલ,
જિનવર નામે જય હુએ...  ૧
શ્રી શ્રીધર જિન સાતમા, હવે ચોવિશી વર્તમાન મેરે લાલ;
શ્રી નમિજિન એકવીસમા, ઓગણીસમા, મલ્લિપ્રધાન મેરે લાલ;
જિનવર નામે જય હુએ...  ૨
શ્રી અરનાથ અઢારમા, હવે ભાવિ ચોવિશી ભાવ મેરે લાલ;
શ્રી સ્વયંપ્રભ ચોથા નમું, છઠ્ઠાદેવસુત મન લાવ મેરે લાલ,
જિનવર નામે જય હુએ...  ૩
ઉદયનાથ જિન સાતમા, તેહને નામે મંગળમાળ મેરે લાલ;
ઓચ્છવરંગ વધામણા, વળી લહિએ પ્રેમ રસાળ મેરે લાલ,
જિનવર નામે જય હુએ...  ૪
અલિય,વિધન દૂરે ટળે, દુર્જન ચિંત્યું નવિ  થાય મેરે લાલ;
મહિમા મોટાઈ વધે, વલી જગમાં "**સુજસ**" ગવાય મેરે લાલ,
જિનવર નામે જય હુએ...  ૫

## ઢાળ ૪ થી
## ( રાગ : પ્રભુ પાર્શ્વનું મુખડું જોવા રે )

પૂરવ ભરતે ધાતકી ખંડે રે, અતીત ચોવિસી ગુણ અખંડે રે,
ચોથા શ્રી અકલંક સોભાગી રે, છઠ્ઠા દેવ શુભંકર ત્યાગી રે... ૧

સપ્તનાથ સપ્તમ જિનરાયારે, સુરપતિ પ્રણમે તેહનાં પાયા રે,
વર્તમાન ચોવિસી જાણો રે, એકવીસમાં બ્રહ્મેન્દ્રે વખાણો રે... ૨
ઓગણીસમાં ગુણનાથ સમરીયરે, અઢારમાંગાંગિક મન ધીરીયે રે;
કહું અનાગત હવે ચોવિસી રે, ધાતકી ખંડે હૈડે હિંસિ રે... ૩
શ્રી સાંપ્રત ચોથા સુખદાયી રે, છઠ્ઠા શ્રી મુનિનાથ અમાયી રે;
શ્રી વિશિષ્ટસપ્તમ સુખકારી રે, તે તો લાગે મુજ મન પ્યારા રે... ૪
શ્રી જિનસ્મરણ જેહવું મીઠું રે, એહવું અમૃત જગમાં ન દીઠું રે;
"સુજસ" મહોદય શ્રી જિન નામ રે, વિજય લહિજે ઠામોઠામ રે... ૫

## ઢાળ ૫ મી
## ( રાગ : દેખણ દે રે સખી )

પુક્ખર અર્ધ પૂરવ હુઆ, જિન વંદિયે રે,
ભરત અતીત ચોવીસી કે, પાપ નિકંદિયે રે,
ચોથા સુમૃદુ સુહંકરૂં, જિન વંદિયે રે,
છઠ્ઠા વ્યક્ત જગદીશ કે, પાપ નિકંદિયે રે... ૧
શ્રી કલાશત સપ્તમ ગુણ ભર્યા, જિ. હવે ચોવીસી વર્તમાન કે, પા.
કલ્યાણક એ દિન હુઆ જિ. લીજીએ તેહના અભિધાન કે, પા... ૨

અરણ્યવાસ એકવીસમાં જિ. ઓગણીસમા શ્રીયોગ કે, પા.
શ્રી અયોગ તે અઢારમાં, જિ. દીયે શિવરમણી સંયોગ કે, પા... ૩
ચોવીસી અનાગત ભલી, જિ. તિહાં ચોથાપરમ જિનેશ કે, પા.
સુધારતિ છઠ્ઠા નમું,જિ. સાતમા શ્રી નિરકેશ કે, પા... ૪
પ્રિય મેલક પરમેશ્વર, જિ. એહનું નામ તે પરમ નિધાન કે, પા.
મહોટાનોજેઆશરે, જિ. તેહથીલહિએ "જસ" બહુમાન કે, પા... ૫

**ઢાળ ૬ ઠ્ઠી**

**( રાગ : છઠ્ઠો આરો એવો આવશે )**

ધાતકી ખંડે રે પશ્ચિમ ભરતમાં અતીત ચોવીસ સંભાર,
શ્રી સર્વારિથ ચોથા જિનેશ્વરૂં, છઠ્ઠા હરિભદ્ર ધાર,
જિનવર નામેરે મુજ આનંદ ઘણો રે... ૧
શ્રી મગધાધિપ વંદુ સાતમા, હવે ચોવીસ વર્તમાન,
શ્રી પ્રયચ્છ પ્રણમું એકવીસમાં, જેહનું જગમાં નહિં માન,
જિનવર... ૨
શ્રી અક્ષોભ જિનવર ઓગણીસમા,અઢારમા મલ્લસિંહનાથ,
હવે અનાગત ચોવીસી નમું, ચોથા દિનરૂક શિવ સાથ,
જિનવર... ૩
છઠ્ઠા શ્રી જિનધનદ સંભારીયે, સાતમા પૌષધ દેવ,
હર્ષે તેહના ચરણકમલ તણી, સુરનર સારે રે સેવ,
જિનવર... ૪
ધ્યાને મળવું એહવા પ્રભુ તણું, આલસમાંહે રે ગંગ,
જન્મ સફળ કરી માનું તેહથી, "સુજસ" વિલાસ રંગ,
જિનવર... ૫

## ઢાળ ૭ મી
## (રાગ : સંભાળજો મુનિ સંયમ રાગે )

પુક્ખર પશ્ચિમ ભરત તણો, ધારો અતીત ચોવિશી રે,
ચોથા પ્રલંબ જિનેસરૂં, પ્રણમું હૈડે હીંસી રે... ૧
એહવા સાહિબ નવિ વિસરે, ક્ષણ ક્ષણ સમરીએ હેજે રે,
પ્રભુગુણ અનુભવ યોગથી શોભીએ આતમ તેજે રે, એહવા... ૨
છઠ્ઠા ચારિત્રનિધિ સાતમા, પ્રશમ રાજિત ગુણધામ રે,
હવે વર્તમાન ચોવિશીએ સમરીએ જે જિનનામ રે, એહવા... ૩
સ્વામી સર્વજ્ઞ જયંકરૂં, એકવીસમાં ગુણ ગેહરે,
શ્રી વિપરીત ઓગણીસમાં, અવિહડ પરમ સનેહ રે, એહવા... ૪
નાથ પ્રસાદ અઢારમાં, હવે અનાગત ચોવિશી રે,
ચોથા શ્રી અઘટિત જિન વંદિયે, કર્મ સંતતિ જેણે પીસી રે, એહવા...૫
શ્રી બ્રહ્મેન્દ્ર છઠ્ઠા નમું, ઋષભચંદ્રાભિધ વંદુ રે,
સાતમા જગ "**જસ**" જય કરૂ, જિનગુણ ગાતા આણંદુ રે, એહવા...૬

## ઢાળ ૮ મી
## ( રાગ : શમદમગુણના આગરૂજી )

જંબુદ્વીપ ઐરવતેજી, અતીત ચોવિશી વિચાર,
શ્રી ધ્યાંત ચોથા નમુંજી, જગજનના, આધાર,
મનમોહનજી મનથી નહિં મુજ દૂર... ૧
અભિનંદન છઠ્ઠા નમુંજી, સાતમા શ્રી રતનેશ,
વર્તમાન ચોવિસીએજી, હવે જિન નામ ગણેશ, મન... ૨
શ્યામકોષ્ઠ એકવીસમાજી, ઓગણીસમા મરૂદેવ,
શ્રી અતિપાર્શ્વ અઢારમાંજી, સમરૂં ચિત્ત નિતમેવ, મન... ૩
ભાવી ચોવીસી વંદીયેજી, ચોથા શ્રીનંદીષેણ,

શ્રી વ્રતધર છત્ર નમુંજી, ટાળે કરમની રેહ, મન... ૪
શ્રી નિર્વાણ તે સાતમાજી, તેહશું "સુજસ" સનેહ,
જેમ ચકોર ચિત્ત ચંદશુંજી, જીમ મોર મન મેહ, મન... ૫

## ઢાળ ૯ મી

## ( રાગ : પ્રથમ જિન તુમ દરિસણ )

પૂરવ અરધે ધાતકીજી, ઐરવતે જે અતીત,
ચોવીસી તેહમાં કહુંજી, કલ્યાણક સુપ્રતીત,
મહોદય સુંદર જિનવર નામ... ૧
ચોથા શ્રી સૌન્દર્યનેજી, વંદુ વારોવાર,
છઠ્ઠા ત્રિવિક્રમ સમરીએજી, સાતમા નરસિંહ સાર, મહોદય... ૨
ભાવિ ચોવિસી વંદીયેજી, ચોથા શ્રી મુનિનાથ,
ચંદ્રદાહ છઠ્ઠા નમુંજી, ભવદવ-નીરદ પાથ, મહોદય... ૩
દિલાદિત્ય જિન, સાતમાજી, જનમન મોહનવેલ,
સુખ જશ લીલા પામીયેજી, "જસ"નામે રંગરેલ, મહોદય... ૪

## ઢાળ ૧૦ મી

## ( રાગ : ભવિકા સિદ્ધચક્ર પદ વંદો )

પુકખર અર્ધે પૂરવ ઐરવતે, અતીત ચોવીસી સંભારૂં,
શ્રી અષ્ટાહિક ચોથા વંદી, ભવ વન ભ્રમણ નિવારૂંરે,
ભવિકા એહવા જિનવર ધ્યાવો, ગુણવંતના ગુણ ગાવો રે, ભવિકા... ૧
વણિક નામ છઠ્ઠા જિન નમીયે, શુદ્ધ ધર્મ વ્યવહારી,
ઉદયનાથ સાતમા સંભારી, ત્રણ ભુવન ઉપકારી રે, ભવિકા... ૨

વર્તમાન ચોવિસી વંદુ, એકવીસમા તમોકંદ,
સાયકાક્ષ ઓગણીસમા સમરો,જનમન નયનાનંદ રે, ભવિકા..૩
શ્રી ક્ષેમંત અઢારમાં વંદો, ભાવિ ચોવિસી ભાવો,
શ્રી નિર્વાણી ચોથા જિનવર, હૃદયકમલમાં લાવો રે, ભવિકા.. ૪
છઠ્ઠા શ્રી રવિરાજ સાતમા, પ્રથમ નાથ પ્રણમી જે,
ચિદાનંદઘન "**સુજસ**" મહોદય, લીલા લચ્છિ લહીજે રે, ભવિકા...૫

## ઢાળ ૧૧ મી
## ( રાગ : રે જીવ જિનધર્મ કીજીએ )

પશ્ચિમ ઐરવતે ભલો, ધાતકી ખંડે અતીત કે,
ચોવીસી રે પુરૂરવા, ચોથા જિન સુપ્રતીત કે... ૧
જિનવર નામ સોહામણું, ઘડીએ ન મેલ્યું જામ કે,
રાતદિવસ મુજ સાંભરે, સાંભરે સુખ થાય કે, જિન... ૨
શ્રી અવબોધ છઠ્ઠા નમું, સાતમા શ્રી વિક્રમેન્દ્ર કે,
ચોવીસી વર્તમાનના, સંભારૂ જિનેન્દ્ર કે, જિન... ૩
એકવીસમા સુશાંતિજી, ઓગણીસમા હરનામ કે,
શ્રી નંદીકેશ અઢારમા, હોજો તાસ પ્રણાસ કે, જિન... ૪
ભાવિ ચોવિસી સંભારીયે, ચોથા શ્રી મહામૃગેન્દ્ર કે,
છઠ્ઠા અશોચિત વંદીયે, સાતમા શ્રી ધર્મેન્દ્ર કે, જિન... ૫
મન લાગ્યું જસ જેહશું, ન સરે તેહ વિણ તાસ કે,
તેણે મુજમન જિનગુણ થુણી, પામે "**સુજસ**" વિલાસ કે,
જિન... ૬

## ઢાળ ૧ ૨ મી
## ( રાગ : વીર જિણંદ જગત ઉપકારી )

પુકખર પશ્ચિમ ઐરવત હવે, અતીત ચોવીસી વખાણુંજી,
અશ્વવૃંદ ચોથા જિન નમીયે, છઠ્ઠા કુટલિક જાણુંજી, ૧
સાતમા શ્રી વર્ધમાન જિનેશ્વર, ચોવીસી વર્તમાનજી,
એકવીસમા શ્રી નંદીકેશ જિન, તે સમરૂં શુભધ્યાનજી... ૨
ઓગણીસમા શ્રી ધર્મચંન્દ્ર જિન, અઢારમા શ્રી વિવેકોજી,
હવે અનાગત ચોવીસમાં, સંભારૂં શુભ ટેકોજી, ૩
શ્રી કલાપક ચોથા જિન છઠ્ઠા, શ્રી વિશોભ પ્રણમીજેજી,
સાતમા શ્રી આરણ્યજિન ધ્યાતા, જન્મનો લાહો લીજેજી... ૪
શ્રી વિજયપ્રભ સૂરીશ્વર રાજે, દિનદિન અધિક જગીશેજી,
ખંભનયરમાં રહીએ ચોમાસું, સંવત સત્તર છત્રીસેજી, ૫
દોઢસો કલ્યાણકનું ગુણણું, તે મેં પૂરણ કીધું જી,
દુ:ખચૂરણ દીવાળી દિવસે, મનવંછિત ફળ લીધુંજી... ૬
શ્રી કલ્યાણવિજય વરવાચક, વાદી મતંગજ સિંહોજી,
તાસ શિષ્યશ્રી લાભવિજય બુધ, પંડિતમાંહી લીહોજી, ૭
તાસ શિષ્યશ્રી જિતવિજય બુધ શ્રી નયવિજય સોભાગીજી,
વાચક **"જસવિજયે"** તસ શિષ્યે, થુણિયા જિન વડભાગીજી... ૮
એ ગુણણું જે કંઠે કરશે, તે શિવરમણી વરસેજી,
તરશે ભવ હરશે સવિપાતક, નિજ પાતક ઉદ્ધરશેજી, ૯
બાર ઢાળ જે નિત્યે સમરશે, ઉચિતકાજ આદરશેજી,
સુકૃત સહોદય **"સુજસ"** મહોદય, લીલા તે આદરશોજી... ૧૦

### કળશ

એ બાર ઢાળ રસાળ બારહ, ભાવનાતરૂ મંજરી,
વર બાર અંગવિવેક પલ્લવ, બારવ્રત શોભાકરી,
એમ બાર તપવિધ સાધ્ય સાધન, ધ્યાન જિનગુણ અનુસરી,
શ્રીનયવિજય બુધ ચરણ સેવક, "**જસ વિજય**" જયશ્રી વરી...

## મૌન એકાદશીનું ૫ ઢાળનું સ્તવન

### ઢાળ ૧ લી

દેશ સોરઠ દ્વારિકા પુરી, કેશવ હરિ નરિંદો એ;
જાદવ કુલ નભ દિનમણિ, સૌમ્ય ગુણે કરી ચંદો એ,
દ્રઢ મને ધર્મ સમાચરો ૧
નેમિ જિણંદ સમોસર્યા, મુનિવર સહસ અઢાર એ;
રૈવતગિરિ સુણી આવીયા, વંદે હરિ સુખકાર એ ૨
નિસુણી દેશના પૂછીયું, એકાદશી ફળ સાર એ;
જ્ઞાનની તિથિ આરાધતાં, આપે શિવસુખ સાર એ. ૩
દાખે સુવ્રત મુનિ કથા, નિસુણે પર્ષદા બાર એ;
પુણ્ય વિશેષ થકી ફળે, વિધિથી શુભ આચાર એ. ૪
ધાતકી દક્ષિણ ભરતમાં, વિજય પુરી સુવિશાળ એ,
પશ્ચિમ દિશિ ઈષુકાર એ, નૃપ નામે પૃથ્વીપાળએ. ૫
ચંદ્રાવતી તેહની પ્રિયા, નગરશેઠ સુર નામ એ;
પુત્ર અનેક છે તેહને, સકળ કળા ગુણ ધામ એ. ૬
જિનધર્મે બહુ નેહીયો, આવશ્યક વ્રત ધાર એ;
એક દિને ગુરૂ મુખે જ્ઞાનનો, સુણ્યો મહિમા હિતકાર એ. ૭

તવ ગુરૂ ધવલ એકાદશી, દિન આરાધન ભાખ્યો એ;
જ્ઞાન બળે તસ હિત ભણી, વિધિ સઘળો તિહાં દાખ્યો એ. ૮

**ઢાળ ૨ જી**

મૌનપણે પોસહ કરે રે, અહોરત્ત ચોવિહાર;
પઠણ ગણન જિન નામના રે, કરતાં ધર્મ વિચાર રે,
**ભવિ વ્રત આદરો.** ૧
પારણે ઉત્તર વારણે રે, એક ભક્ત આહાર;
ઉભય ટંક-આવશ્યક કરે રે, કરે સચિત્ત પરિહાર રે. ભ૦ ૨
જ્ઞાનતણી પૂજા કરે રે, સ્વામી વાત્સલ્ય સાર;
જિન આગમ ઢોકણું કરે રે, પૂજા વિવિધ પ્રકાર રે. ભ૦ ૩
સંવિભાગ વ્રત સાચવી રે, પારણું એમ કરંત;
બાર વર્ષ પૂરા થયે રે, ઉજમણું મન ખંત રે. ભ૦ ૪
જિનવરને નવ ભૂષણાં રે, પ્રત્યેક અગ્યાર;
ધાન્ય પકવાન પ્રમુખ બહુ રે, લખાવે અંગ અગ્યાર રે. ભ૦ ૫
સંઘ ભક્તિ બહુવિધ કરે, જ્ઞાનોપકરણ સાર;
ઠવણી કવળી ચાબખી રે, પાઠાં પ્રમુખ અગીયાર રે,
વિટાંગણા તિમ સાર રે. ભ૦ ૬
એણી પેરે બહુ વિધ સાચવે રે, એક વરસ તે સર્વ,
અગ્યાર અગ્યારશ ઉજળી રે, કીધું પૂરણ પર્વ રે. ભ૦ ૭
ઊજમણાના દિન થકી રે, પન્નરમે દિન તેહ;
શૂળ રોગે મરી સુર થયો રે, આરણ કલ્પે ગુણ ગેહ રે. ભ૦ ૮

## ઢાળ ૩ જી

તિહાંથી ચવી આ ભરતમાંજી, સૌરીપુરે પુણ્યવંત;
સમુદ્રદત્ત વ્યવહારીઓજી, પ્રીતિમતીનો કંત રે,
ભાવે ભવિયણ વ્રત ધરો. ૧
તસ કૂખે સુર ઉપન્યોજી, નાલ નિક્ષેપણ ઠામજી;
નીધિ પ્રગટે મહોત્સવ કરેજી, સુવ્રત દીધું નામજી. ભા૦ ૨
સાધુ સમીપે સંગ્રહેજી, સમકિત તિમ વ્રત બારજી;
યૌવન વય પરણાવીયાજી, કન્યા અગ્યાર ઉદારજી. ભા૦ ૩
સંયમ જનકે આદર્યો જી, સાધે આતમ કાજજી;
સુવ્રત ઘર સ્વામી થયો જી, કોડી અગ્યાર ધન સાજજી. ભા૦ ૪
ધર્મઘોષસૂરિ આવીયા જી, કહે તિહાં પર્વ વિચારજી,
જાતિ સ્મરણથી તે ગ્રહેજી, પૂરવલો આચારજી. ભા૦ ૫
એક દિન પોસહ આદર્યો જી, મૌન નિશિ પરિવારજી;
તે નિસુણી ચોર આવીયાજી, ધન લેવા તેણી વારજી.
કીધો પ્રદીપ પ્રચારજી ભાવે૦ ૬
દીઠા કાઉસ્સગ્ગે રહ્યા જી, લેવે ધનની કોડીજી;
થંભે શાસન દેવતા જી, નહિ કોઈ ધર્મની જોડીજી. ભા૦ ૭
લોકે રાય જણાવીઓ જી, આવ્યો ચોકીદાર જી;
થંભાણા સવિ તે તિહાં જી, અચરીજ એહ અપારજી ભા૦ ૮

## ઢાળ ૪થી

મન સ્થિર કરીને પોસહ પારે, વિધિ સઘળો આરાધે;
રાજા પણ તેહને ઘેર આવ્યો, ભેટે ભક્તિ સહુ સાધે રે હમચડી ૧

અભયદાન માંગી મૂકાવ્યા, તસ્કર વ્યસનથી વાર્યા;
શેઠ પદે રાજાએ સ્થાપ્યો, તસ પરિજન સત્કાર્યા રે હમ.૦ ૨
વળી એકદા અગ્યારસ દિવસે, સપરિવાર વ્રત ધારે;
લાગ્યો અગ્નિ જલતું પુર દેખી, ધર્મ શરણ કરે સાર રે હમ.૦ ૩
ધર્મશાલા સુવ્રત ગેહાદિક, મૂકી અવર સવિ જળીયું;
દેખી નરપતિ બોલે એહને, ધર્મે વિઘ્ન ટળિયું રે હમ. ૦ ૪
એક શત બ્હોંતેર પુત્ર થયા તસ, સઘળી એ નારી કેરા;
ક્રોડી નવાણું ધન સવિ મૂકી,લીએ સંયમ થઈ શૂરા રે હમ.૦ ૫
જયશેખર ચઉનાણી ગુરૂથી, અંગ અગ્યાર અભ્યાસે;
છઠ્ઠ અઠમ શત ચાર છ માસી, એમ તિમ ચાર ચઉમાસી રે હમ.૦ ૬
એમ તપ કરતાં સુવ્રત મુનિને, મૌન એકાદશી દિવસે,
અંગે પીડા બહુ ઉપજાવી, પણ સ્થિરતા ગુણ વિકસે રે હમ.૦ ૭
એક મિથ્યા સુર ક્ષોભણ કાજે, પર મુનિને મુખે આવી,
શ્રાદ્ધગૃહે જઈ ભેષજ લાવે, તો વેદના શમાવે રે હમ.૦ ૮
કહે વ્યંતર વસતિને બાહિર, જાવે તો સુખ પાવે;
કહ્યો ન માન્યો મસ્તકે હણીયો, પણ નિજ મન ન ડગાવે રે હમ.૦ ૯
એણીપરે ઘાતીકર્મ ખપાવી, પામી કેવલનાણ;
સિદ્ધ થયા સુરવૃંદ મળીને, ઓચ્છવ કરે વિહાણ રે હમ.૦ ૧૦
વનિતા પણ અગ્યારે, સંયમ લેઈ નિરતિચાર;
માસ સંલેખણ શિવગતિ પામી, વળી બહુ તસ પરિવાર રે હમ.૦ ૧૧

## ઢાળ ૫મી

નેમિ જિણંદે કેશવ આગે, એહ સંબંધ કહ્યો ચિત્ત રાગે;
સાંભળી કૃષ્ણ એ દિવસ આરાધે, ક્ષાયિક સમકિતના ગુણ ગાવે ॥૧॥
અરજિન વ્રત નમિ જિનવર જ્ઞાન, મલ્લી જન્મ વ્રત કેવલનાણ;
એક ચોવીસીમાં પંચ કલ્યાણ, ત્રણ ચોવીસીનાં પંદર કલ્યાણ. ॥૨॥
એક ક્ષેત્રે એમ ભણીજે, દશ ક્ષેત્રે દોઢસો જાણીજે; અતીત
અનાગતને વર્તમાન, પચાસ પચાસ એમ પ્રમાણ ॥૩॥
નેવું જિનના નામ ગણીજે એક ત્રણને એકજ લીજે; અઢારમાં
ઓગણીસને એકવીસ, વર્તમાન જિન. એ નિશદિશ ॥૪॥
સાતમા ચોથા છઠ્ઠા એહ અતીત અનાગત જિન જેહ;
મોટું પર્વ કહ્યું તિણ હેતે, જિન શાસનને વળી શિવ સંકેતે ॥૫॥
માગશર સુદિ અગ્યારસ પાળે તે સવિ કર્મના મેલ ખપાવે;
જાવજ્જીવ કીજે શુભ ભાવે, ભવભવના તિમ સંકટ જાવે ॥૬॥
**શ્રી જ્ઞાનવિમલસૂરિ** એણી પરે ભાખે, એહ ચરિત્ર તણી છે સાખે;
આરાધે જે જિન કલ્યાણક, તસ ઘર હોવે કોડી કલ્યાણ. ॥૭॥

## મૌન એકાદશીની સજ્ઝાય...

(૧)

આજ મારે એકાદશી રે, નણદલ મૌન કરી મુખ રહીએ,
પૂછયાનો પડુત્તર પાછો, કેહને કાંઈ ન કહીયે. આજ૦ ૧
માહારો નણદોઈ તુજને વ્હાલો, મુજને તારો વીરો;
ધૂમાડાના બાચકા ભરતાં, હાથ ન આવ્યો હીરો. આજ૦ ૨

ઘરનો ધંધો ઘણો કર્યો પણ, એકે ન આવ્યો આડો;
પરભવ જાતાં પાલવ લેવે, તે મુજને દેખાડો. આજ૦ ૩
માગસર સુદિ અગ્યારસ મોટી, નેવું જિનના નિરખો;
દોઢસો કલ્યાણક મોટાં, પોથી જોઈ જોઈ હરખો. આજ૦ ૪
સુવ્રત શેઠ થયો શુદ્ધ શ્રાવક, મૌન ધરી મુખ રહીયો;
પાવકપુર સઘળો પરજાલ્યો, એહનો કાંઈ ન દહીયો આજ૦ ૫
આઠ પહોરનો પોસહ કરીએ ધ્યાન પ્રભુનું ધરીયે;
મન વચ કાયાજો વશ કરીએ, તો ભવસાગર તરીયે. આજ૦ ૬
ઈર્યાસમિતિ ભાષા ન બોલે, આડું અવળું પેખે;
પડિકમણાશું પ્રેમ ન રાખે, કહો કિમ લાગે લેખે. આજ૦ ૭
કર ઉપર તો માળા ફરતી, જીવ ફરે વનમાંહી;
ચિતડું તો ચિહું દિશિએ ડોલે, ઈણ ભજને સુખનાંહી આજ૦ ૮
પૌષધશાલે ભેગા થઈને, ચાર વિકથા વળી સાંધે;
કાંઈક પાપ મિટાવણ આવે, બાર ગણું વળી બાંધે આજ૦ ૯
એક ઉઠંતી આળસ મરડે, બીજી ઉંઘે બેઠી;
નદીયોમાંથી કોઈક નીસરતી, જઈ દરીયામાં પેઠી આજ૦ ૧૦
આઈ બાઈ નણંદ ભોજાઈ, નાની મોટી વહુને;
સાસુ સસરો માને માસી, શિખામણ છે સહુને આજ૦ ૧૧
**ઉદયરત્ન** વાચક ઉપદેશે, જે નરનારી રહેશે;
પોસહમાંહે પ્રેમ ધરીને, અવિચલ લીલા લહેશે આજ૦ ૧૨

## (૨)

### ( રાગ : રંગરસીયા રંગ રસ બન્યો )

ગોયમ પૂછે વીરને, સુણો સ્વામીજી, મૌન એકાદશી
કોણે કહી? કોણે પાળી? કોણે આદરી? સુણો
સ્વામીજી, એહ અપૂરવ દિન સહી... ૧
વીર કહે સુણો ગોયમા ! ગુણ ગેહાજી,
નેમે પ્રકાશી એકાદશી, સુ૦
મૌન એકાદશી નિર્મળી, સુણો ગોયમજી,
ગોવિંદ કરે મલારસી. સુ૦ ૨
દ્વારામતી નગરી ભલી, સુણો ગોયમજી,
નવ જોયણ આરામ વસી, સુ૦
છપ્પનક્રોડ જાદવ વસે, સુણો૦
કૃષ્ણ બિરાજે તિણેનગરી. સુ૦ ૩
વિચરંતા વિચરંતા નેમજી, સુણો૦
આવી રહ્યા ઉજ્જયંત શિખરે, સુ૦
મધુરી ધ્વનિ દીયે દેશના સુણો૦
ભવિયણને ઉપકાર કરે. સુ૦ ૪
ભવઅટવી ભીષણ ગણી, સુણો૦
તે તરવા પંચપર્વી કહી; સુ૦
બીજે દ્વિવિધ સાચવો, સુણો૦
દેશવિરતિ સર્વ વિરતિ સહી. સુ૦ ૫


પંચમીએ જ્ઞાન આરાધીયે, સુણો૦
પંચ વરસ પંચ માસ; સુ૦
વળી અષ્ટમી દિન કર્મનો, સુણો૦
પરભવ આયુનો બંધ કરે, સુ૦ ૬
ત્રીજે ભાગે નવમે ભાગે, સુણો૦
સત્તાવીશમે ભાગે સહી; સુ૦
અથવા અંતર્મુહૂર્ત સમે, સુણો૦
શ્વાસોશ્વાસમાં બંધ કરે. સુ૦ ૭
માયા કપટ જે કેળવે, સુણો૦
નરક તિર્યંચનું આયુ ધરે; સ૦
રાગ તણે વશ મોહીયો, સુણો૦
વિકળ થયો પરવશપણે સુ૦ ૮
કરણી અકરણી નવિ ગણે, સુણો૦
મોહતિમિર અંધકારપણે; સુ૦
મોહે મદ ગઢો ફરે, સુણો૦
જે ઘૂમણી ઘણું જોરપણે. સુ૦ ૯
ઘાયલ જેમ રહે ઘૂમતો, સુણો૦
કહ્યું ન માને નેહપણે; સુ૦
જીવ રૂલે સંસારમાં,સુણો૦
મોહની કર્મની સહી ભણે. સુ૦ ૧૦

અલ્પ સુખ સરસવ જેવું, સુણો૦
તેને મેરૂ સમાનગણે;સુ૦
લોભે લંપટ વાહીયો, સુણો૦
નવિ ગણે તે અંધપણે. સુ૦ ૧૧
જ્ઞાનીવિણ કહો કોણ લીએ ? સુણો૦
શું જાણે છદ્મસ્થપણે; સુ૦
અષ્ટમી એકાદશી ચૌદશી, સુણો૦
સામાયિક પોસહ કરે. સુ૦ ૧૨
ધર્મને દિવસે કર્મનો, સુણો૦
આરંભ જે કરે નરનારી; સુ૦
નિશ્ચય સદ્ગતિ નવિ લહે, સુણો૦
અશુભ કર્મના ફળ છે ભારી સુ૦ ૧૩
પાંચભરત પાંચ ઐરાવતે, સુણો૦
મહાવિદેહ તે પાંચ ભણે; સુ૦
કર્મભૂમિ પંદર સઘળી થઈ, સુણો૦
કલ્યાણક પચ્ચાસસોય ગણે.સુ૦ ૧૪
શ્રી વિશાળ સોમ સૂરીશ્વરૂ, સુણો૦
તપગચ્છકો શિરદાર મુણિ; સુ૦
તસગુરૂ ચરણકમળનમી, સુણો૦
**સુવ્રતરૂપ** સજ્ઝાય ભણી. સુણો ગોયમજી. ૧૫

**પ.પૂ. તપાગચ્છસૂર્ય ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રીમદ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય રત્ન (પંચ પરમેષ્ઠિના તૃતીય પદે આરૂઢ થનાર) પંન્યાસપ્રવર રત્નશેખર વિજયજી મ. સા. ની પ્રેરણાથી**

- શ્રી શાન્તાક્રુઝ તપાગચ્છ શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ- મુંબઈ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - નાગપુર
- શ્રી સાગર જૈન ઉપાશ્રય - પાટણ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન-સમી
- શ્રી સુપાર્શ્વનાથાય શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નખત્રાણા, કચ્છ
- શ્રી ભક્તિ પાર્શ્વનાથ આનંદનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નવાવાડજ, અમદાવાદ.
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - ઉદયપુર
- શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ - ગોદાવરી, અમદાવાદ
- મુનીશ્રી વિદ્યાચંદ્ર વિ. મ. સા. ની પ્રેરણાથી તેમના ૨૫ વર્ષના સંયમ જીવન અનુમોદનાર્થે...
  શ્રી કચ્છ-કોડાય વિશા ઓસવાલ શ્વે. મૂ. પૂ. જૈન મહાજન સંઘ
- ભરતભાઈ ભાઈલાલભાઈ - ગોરેગાંવ, મુંબઈ
- અમેરિકા નિવાસી લીલાવતીબેન વીરચંદભાઈ શાહ પરિવાર


પ.પૂ.આ.વિ. ધર્મસૂરિ મ.સા.



પ.પૂ.આ.વિ. ભક્તિસૂરિ મ.સા.



પ.પૂ.આ.વિ. સુબોધસૂરિ મ.સા.



તપાગચ્છસૂર્ય પ.પૂ. આ.દેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.





પ.પૂ. નૂતન આચાર્યદેવશ્રી વિજય
રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.



# શુભેચ્છક

પ.પૂ.આ.શ્રી પ્રેમસૂરી મ.સા. તથા પ.પૂ.આ.શ્રી સુબોધસૂરી મ.સા.
ના સંસારી સ્વજન...



પિતાશ્રી શાહ પ્રતાપચંદ ગુમાનમલજી



માતુશ્રી શાહ રતનબેન પ્રતાપચંદ



ભાઈશ્રી હરીભાઈ પ્રતાપચંદ શાહ

શાહ



ભાભી મધુબેન હરીભાઈ

ડીઝાઈન :
જૈનમ ગ્રાફીક્સ
અમદાવાદ. ફોન-૨૫૬૨૭૪૫૯, મો. ૯૮૨૫૮ ૫૧૭૭૦